R.N.I. No. 14593/1957

પગદંડી

PAGDANDI

VOL.68 ISSUE NO. 10 - JANUARY 2026 - 52 PAGES - RS. 15/-

Shree Kutchi Visha Oswal Seva Samaj
C.V.O.D., Jain Mahajanwadi, 3rd Floor, 99-101, Keshavji Naik Road, Chinchbunder, MUMBAI - 400 009.
Phone : 23714674 / 2377 3032 - E-mail : pagdandi@kvoss.org

સમાજના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત

શ્રી કચ્છી વીશા ઓસવાળ સેવા સમાજ

શ્રી ક.વિ.ઓ.દેરાવાસી જૈન મહાજનવાડી, ત્રીજે માળે, ૯૯-૧૦૧, કેશવજી નાઈક રોડ ચીંચબંદર, મુંબઈ - ૪૦૦૦૦૯
૨૩૭૧૪૬૭૪, ૨૩૭૭૩૦૩૨, ૨૩૭૧૫૦૫૦, ૨૩૭૧૫૧૫૧, ૪૦૧૬૪૩૪૩ / + Email : ksevasamaj@gmail.com + Webssite : www.kvoss.org

ક.વી.ઓ. સેવા સમાજનું દરેક ઘરે પહોંચતું અને વંચાતું નિષ્પક્ષ માસિક મુખપત્ર એટલે પગદંડી. રીતિ-રિવાજ, સમાજ સુધારા, રૂઢિઓ, છૂટાછેડા, આરોગ્ય, અભ્યાસ, દેશ-વિદેશ, સમાજની સંસ્થાઓ, ચૂંટણીઓ, ધાર્મિક, રાજકારણ, દરેક સમસ્યા અને એના નિરાકરણને વાચા આપતી જાગૃતિની પ્રજ્વલિત મિશાલ એટલે પગદંડી. સમાજના વિચારવંત લેખકો અને વિવિધ સ્તરોના લોકોને જોડી રાખનાર કડી એટલે પગદંડી.

છેલ્લા સાત દાયકાથી વધારે સમયથી ક.વી.ઓ. સેવા સમાજ દ્વારા પ્રકાશિત પગદંડી, સમાજની આન, બાન અને શાન છે. ક.વી.ઓ. જ્ઞાતિના શ્રેષ્ઠ તેમ જ વિચારશીલ લેખોથી સંપાદિત પગદંડી આઠ હજારથી વધારે કુટુંબો નિયમિતપણે વાચેં છે. તે ઉપરાંત એની ડિજિટલ કૉપી પણ સોશિયલ મીડિયાના માધ્યમથી અગિણત વાચકોમાં લોકપ્રિય છે.

આપ આપના ધંધા, રોજગાર, દુકાન કે વિવિધ ઉત્પાદનની વસ્તુઓની જાહેરખબર પગદંડીમાં આપી, આપના દુકાન, પ્રોડક્ટની બ્રાન્ડને વધુ મજબૂત કરી શકશો. આપની જાહેરખબરથી આપના ધંધા, આપના પ્રોડક્ટ ઉપરાંત ક.વી.ઓ. સેવા સમાજની વિવિધ સમાજોપયોગી પ્રવૃત્તિઓને પીઠબળ મળશે.

જાહેરખબરનો પ્રકાર	વાર્ષિક દર
બ્લેક એન્ડ વ્હાઇટ અડધું પાનું	રૂા. ૨૫,૦૦૦/-
બ્લેક એન્ડ વ્હાઇટ આખું પાનું	રૂા. ૫૦,૦૦૦/-
મલ્ટિકલર 100 GSM Art Paper (કવરપેજ - અંદરનું બીજું/છેલ્લેથી બીજું)	રૂા. ૯૦,૦૦૦/-
મલ્ટિકલર 100 GSM Art Paper (કવરપેજ - છેલ્લું પાનું)	રૂા. ૧,૦૦,૦૦૦/-

સંપર્ક - ૦૨૨ ૨૩૭૧ ૪૬૭૪; ૦૨૨ ૨૩૭૭ ૩૦૩૨; ૯૬૧૯૨ ૩૩૦૦૦

લિ. તંત્રીઓ

પગદંડી

જાન્યુઆરી ૨૦૨૬

અનુક્રમણિકા

લેખ	લેખક	પાના નં
તંત્રીસ્થાનેથી		
શિષ્ટાચાર - Thank you અને આભારનો	અશ્વિન લક્ષ્મીબેન પોપટલાલ માલદે	૫
પ્રમુખશ્રીની કલમે	ચંદ્રકાંત મણિબેન નાનજી લાલન	૯
વાંચન - અમૂલ્ય પરંપરા		
પગ મેં ભમરી	લીલાધર હાંસબાઈ માણેક ગડા 'અધા'	૧૧
કપરાડાની કાયાપલટ		
મારું આયખું ખૂટે જે ઘડીએ - પ્રવીણ દેસાઈ	સંજય ચંદનબેન વિસનજી છેડા	૧૪
યે જો દેશ હૈ મેરા	રાજન ભાનુબેન કાંતિલાલ ધરોડ	૧૮
''ખારી માની''	વસંત મોંઘીબાઈ ઉમરશી મારુ	૨૧
આપણા સમાજની પ્રતિભા જીનાંશ જીનલ વિમેશ હરખચંદ દેઢિયા	સંકલનઃ સૂર્યકાંત અમૃતબેન દામજી કક્કા	૨૪
સંતોષ-અસંતોષ વચાળે વહેતું જીવન અને આપણે	પરેશ કેસરબેન ગાંગજી શાહ (નિઃશબ્દ)	૨૭
તૂટેલા મન અને વિખરાયેલા સબંધ	ડૉ. શિરીષ ભાનુમતિબેન ચુનીલાલ માલદે	૨૯
ઓનલાઈન વેચાણ સાથે સ્પર્ધા	વસંત જેઠીબાઈ લીલાધર ગાલા	૩૨
સમુર્તા, કમુર્તા	રાજેશ જવેરબેન નરશી સાવલા	૩૪
પગદંડીને પત્ર		
ધર્મયાત્રા (હાસ્ય પ્રસંગોપાત)	ગીતા અમૃતબેન નાનજી સત્રા	૩૬
પ્રતિભાવ - પ્રતિસાદ		
પગદંડી ડિસેમ્બર ૨૦૨૫ અંક	હિતેશ લક્ષ્મીબેન ખીમજી વિસરિયા	૩૭
ઉર્મિલહર	સંપાદન : વિશન પાનબાઈ દેવરાજ નાગડા	૩૮
શ્રીમતી તારામતી વિસનજી ગાલા કલા સાહિત્ય પુરસ્કાર - અહેવાલ	રાજેશ નિર્મલાબેન હરીલાલ છેડા	૪૧
બિન્દાસ બોલ ૨૦૨૫	પરાગ હેમકુંવરબેન રામજી દેઢિયા	૪૩
સેવા સમાજ - અપડેટ		૪૬
મુખપૃષ્ઠ ચિત્ર	આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ - ગૂગલ જેમિની	

ટાઈપસેટીંગ : ધીરેન તારાબેન મુરજી ગાલા (કોટડા (રોહા) - ફોર્ટ) મોબાઈલ : ૯૮ ૩૩ ૫૪ ૧૦ ૪૦

પગદંડી કાર્યાલય ફોન - ૨૩૭૧ ૪૬૭૪ ટેલી ફેક્સ - ૨૩૭૭ ૩૦૩૨

Printed and Published by **Aswin Popatlal Malde** on behalf of **K.V.O. Seva Samaj.** Printed at **Meghart Colour Crafters**, 42, Ideal Indl. Estate Mathuradas Mill Compound, Senapati Bapat Marg, Lower Parel, Mumbai-400013. and published from Shri Kutchhi Visa Oswal Seva Samaj, C.V.O.D. Jain Mahajanwadi, 3rd Floor, 99/101, Keshavji Naik Road, Chinch Bunder, Mumbai -400009. Editor : **Aswin Popatlal Malde**

ATUL GALA
MO. 93 2222 1205
ROHIT GALA
MO. 98200 99251
Gala Caterers®
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977
RAJESH GALA
MO. 98200 32010/50
CHIRAG GALA
MO. 97 0202 9280
Catering Services
Celebrate The Joy Of Togetherness With Flawless Food Catering...!
☑ Birthday Party
☑ Wedding Catering
☑ Buffet Catering
☑ Corporate Catering
☑ Business Event
☑ Special Occasions
5, Natraj Building, Laxmi Narayan Lane, Matunga (C.R), Mumbai - 400019.
www.galacaterers.in
info@galacaterers.in

તંત્રીસ્થાનેથી

શિષ્ટાચાર - Thank you અને આભારનો

બધી સભ્ય સંસ્કૃતિઓમાં શિષ્ટાચારો વણાયેલા હોય છે.

ક્યારેક આ શિષ્ટાચારભર્યા વર્તનથી વ્યક્તિના ઘડતરની પરખ થાય છે.

જોશથી બોલવું નહીં, કોઈ બેસવાનું ન કહે ત્યાં સુધી બેસવું નહીં વગેરે વગેરે... પરંતુ સૌથી વધુ શિષ્ટાચારની અભિવ્યક્તિ પ્રચલિત હોય તો તે છે Thank you and Sorry.

Thank you એટલે આભાર, ધન્યવાદ, શુક્રિયા વગેરે વગેરે...

અમિતાભ બચ્ચન વારંવાર કહેતો હોય છે કે અનેક અનેક ધન્યવાદ. અનેક અનેક શા માટે કહે છે તે સમજમાં નથી આવતું.

પરંતુ Thank you માટે ધન્યવાદ, શુક્રિયા આભાર વગેરે પર્યાયી બની શકે,

પરંતુ Sorry માટે ક્ષમા, માફી, અફસોસ, દીલગીરી થોડા ભારી શબ્દો લાગે, નહીં ? એટલે મહદ્ અંશે Sorryથી ચલાવીએ.

પરંતુ ક્યારેક એવું નથી લાગતું કે વારંવાર ઉપરછલ્લું Thank you એની મહત્તા ગુમાવી દે છે અને સવારના ગુડ મોર્નિંગ, જન્મ દિવસ, લગ્નતિથિ માટેના Whats app સંદેશા જેવું લુખ્ખું નથી બની રહ્યું. Facebookમાં તો આવી શુભેચ્છાઓ કોઈને પણ... અને હા Facebookમાં commentsને લાઈક કરવી એ પણ આભાર.....

એક આપણા દેશી અમેરિકનનો બ્લોગ વાંચી રહ્યો હતો. કહે છે, ''હું દસથી વધુ વર્ષથી અમેરિકામાં રહું છું. હું લગભગ દિવસના પચાસથી વધુ વખત Thank you બોલું (કહું) છું''.

''મારી પત્ની, મારી પાંચ વર્ષની બાળકી, ટી.વી. સ્લો કરવા માટે, લાઈટ બંધ કરવા માટે વગેરે વગેરે... વાતવાતમાં બસ ડ્રાઈવર, બૅન્કનો કૅશિયર કે અજાણી વ્યક્તિ જે મારા માટે દરવાજો પકડી રાખે છે. તે પણ પહેલાં મને અજુગતુ લાગતું, પરંતુ હવે ટેવાઈ ગયો છું, યંત્રવત્ બોલી નાખું છું, પરંતુ તેમ છતાં પોલીસ ઑફિસર નાના ટ્રાફિક ગુના માટે મને મેમો આપે અને Thank you કહે તો શું કહેવું એ સમજણ નથી પડતી.''

છેલ્લે કહે છે કે, મેં મારાં મા-બાપને જિંદગીમાં ક્યારેય Thank you કહ્યું નથી એ એની વ્યથા છે કે સંસ્કૃતિની સરખામણી.

આમ પણ, Thank you કહેવાનું પ્રમાણ જેટલું પશ્ચિમી સંસ્કૃતિમાં છે. એટલું ભારતીય સંસ્કૃતિમાં નથી.

ક્રિશ્ચિયન ધર્મના પ્રભાવમાં અને Civil Politenessના ચક્કરમાં હર પ્રસંગે વારંવાર Thank you કહેવું એમના જીવનમાં વણાઈ ગયું છે. આપણી સંસ્કૃતિના પરિપ્રેક્ષ્યમાં આ Thank you ક્યારેક ઠાલું લાગે, ક્યારેક કૃત્રિમ લાગે, ક્યારેક બિનજરૂરી પણ લાગે, ક્યારેક અસહ્ય પણ લાગે.

આપણી સંસ્કૃતિ પર વૈદિક શાસ્ત્રો અને ત્યારબાદ બૌદ્ધ અને જૈન ધર્મનો પ્રભાવ રહ્યો છે.

આપણામાં Thank you બોલવા કરતા પણ વર્તનમાં વધુ છે. પશ્ચિમી લોકોને ક્યારેક અજુગતુ લાગે એ હદે આપણે Thank you and sorryનો ઉપયોગ કરતા નથી. ભગવાન બૌદ્ધે કહ્યું છે કે “Do not flatter your benefactor”. તમારા પર પરોપકાર કરનારાની તમો ખુશામત ન કરો. અને કદાચ એટલે જ વાતવાતમાં Thank you કહેતા નથી. હવે બૌદ્ધનો પ્રભાવ કદાચ પહેલાં જેવો રહ્યો નથી. બાકી રહી પરોપકારી, દાતા પરિવારોની ખુશામતની વાત, સમાજમાં ચાલી રહેલ પ્રવાહથી આપ સારી રીતે વાકેફ છો.

કદાચ આપણે વાણી કરતાં વર્તનથી આભાર વ્યક્ત કરી Thank you કહેતા હોઈએ છીએ.

પરંતુ આપણે આભાર કોનો માનવાનો, Thank you કોને કહેવાનું.

આપણી પરિભાષા પ્રમાણે આપણને મદદરૂપ થનારનું, આપણને ઉપયોગી થનારનું વગેરે વગેરે..., પરંતુ ક્યારેય લિસ્ટ બનાવ્યું છે. નાની વ્યક્તિઓ આપણને કેટલીય રીતે ઉપયોગી થાય છે.

પછી એ કામવાળી બાઈ હોય, લિફ્ટવાળો હોય, વૉચમૅન હોય, શાકભાજીવાળો હોય વગેરે વગેરે.. લિસ્ટ ઘણું લાંબું થાય.

અને એમાંના ઘણા તો કોઈ પણ દિવસ રજા પાડયા વગર. આપણો કચરો લઈ જનાર એક દિવસ ન આવે તો... શું આ બધાને લુખ્ખું Thank you કહેવાથી ચાલી જાય ? વિચારવાનું આપણે છે.

ક્યારેક આવી બધી વ્યક્તિઓ સાથે એમને ગમે એવો, એમને સમજાય એવો સંવાદ કરી જુઓ. આવતા-જતા એ બધા લોકોની નોંધ લો અને પછી એના વહેવારમાં પરિવર્તન જુઓ.

બધા જ વહેવારો મહેનતાણાં કે બક્ષિસ ઉપર જ નિર્ભર નથી હોતા.

એટલે આભાર ફક્ત આપણને મદદરૂપ થનાર, મુસીબતમાંથી બહાર કાઢનાર, આર્થિક સહાય કરનાર વગેરે વગેરેનો જ નથી માનવાનો.

આભાર આપણે એવી તમામ વ્યક્તિઓનો માનવો રહ્યો જે તમારું રોજબરોજનું જીવન સરળ બનાવે છે. તમારી સગવડો સાચવે છે.

આપણે ભલે આભારને Thank youની સમકક્ષ ગણીએ, પરંતુ કદાચ એમ ન હોઈ શકે.

Thank you બધા માટે સરખું છે. ઉપકાર કે મદદ ગમે એટલી મોટી હોય કે નાની હોય. શબ્દ એક જ Thank you વધુમાં વધુ Thank you so much વાપરી શકીએ અથવા એકાદ-બે વિશેષણ ઉમેરી શકીએ.

તો આભારમાં તો ઘણી વિવિધતા લાવી શકાય. એ માટે તમારે વાણી અને વર્તનમાં ફરક કરી શકાય. અભિવ્યક્તિની રસમમાં ફરક કરી શકાય અને એવું તો ઘણુંબધું.

આમ પણ આપણી આભારની પરિભાષા કદાચ અલગ છે. ક્યારેક સંબંધો એવા ઉષ્માભર્યા હોય, અંતરંગ હોય કે એકમેકને બોલીને ભલે આભાર ન માનીએ, પરંતુ એકમેકનું હૃદય જાણી લે કે અન્ય શું કહે છે, શું લાગણી વ્યક્ત કરવા માંગે છે. બોલીને નાના થવાની જરૂર નથી.

આપણી સંસ્કૃતિમાં ઘણાં બધાં કાર્યો (કર્મ/ધર્મ) એ ફરજ તરીકે જોવાય છે. વારંવાર આભારની જરૂરિયાત કોઈને પણ જણાતી નથી.

જાણીતા હાસ્યલેખક અને વિવેચક શ્રી મધુસૂદન પારેખે ''કુસુમાખ્યાન''માં તેમની પત્ની કુસુમબહેનનો કોઈ પણ શરમ રાખ્યા વગર આભાર પણ માન્યો છે. અને એમની સાથેના વર્તનમાં અપરાધભાવનો પણ સ્વીકાર કર્યો છે.

આપણી સંસ્કૃતિમાં અતરંગ સંબંધોમાં મૈત્રીના સંબંધોમાં Thank you (આભાર) ક્યારેક આપસી સંબંધોમાં દૂરી આણી શકે છે.

આપણી સંસ્કૃતિમાં બોલ્યા વગર વર્તનથી પણ ઘણીબધી રીતે કૃતજ્ઞતા વ્યક્ત કરી લેવાય છે.

પ્રાર્થના એ ઈશ્વરનો આભાર જ છે.

આપણી પરિભાષામાં આભાર માની ઉપકારના હિસાબ-કિતાબ ન રખાય. પોતાના આનંદ માટે કરેલ કાર્યોનો સંતોષ કરતા બીજાના આનંદ માટે કરેલ કાર્યોનો સંતોષ ઘણો વધારે હોઈ શકે.

પરંતુ એવું નથી કે આભાર માનવાની પ્રક્રિયા આપણામાં છે જ નહી. અજાણ્યાઓ સાથે તો આભાર સંબંધમાં નજીદીકતા લાવે છે. આભાર ગુસ્સાને સ્મિતમાં ફેરવી શકે છે. આભાર નકારાત્મકને સકારાત્મક બનાવી શકે છે.

ક્યારેક આભાર વ્યક્ત કરવાથી આપણે આપણા પરનો થોડો ભાર ઉતારી શકીએ છીએ. થોડા હળવા થઈ શકીએ છીએ.

આભાર પણ એવી નિખાલસતાથી, સરળતાથી વાતવાતમાં માની લેવો કે સામી વ્યક્તિ ઉપર જાણે આભારનો ભાર જ ન લાગે. આભાર એ અહમને ઓગાળતી પ્રક્રિયા છે.

આભાર એ શરત સાથે ન જોડવો જરૂરી.

એક ફિલસૂફે કહ્યું છે, ''મદદ'' નામનો શબ્દ શબ્દકોષમાંથી કાઢી નાખવો રહ્યો જે મદદ કરનારાના અહમ્‌ને પોષે છે અને લેનારને એના પર અવલંબિત કરે છે.

રાહતને જ કેન્દ્રમાં રાખી સમાજની પ્રવૃત્તિઓ કરતી સંસ્થાઓએ વિચારવું રહ્યું.

- અશ્વિન લક્ષ્મીબેન પોપટલાલ માલદે (ભુજપુર)

મો : ૯૮૨૦૨ ૧૬૦૩૧

AMBIKA

અંબીકા બેગ હાઉસ

: ઉત્પાદક અને વિક્રેતા :

સર્વ પ્રકારની લેડીઝ બેગ્સ, સ્કૂલ બેગ્સ,
મની પર્સીસ અને કોમ્પલીમેન્ટરી આઈટમસ

૩૨૧, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, ક્રોફર્ડ માર્કેટ પાસે, મુંબઈ–૪૦૦૦૦૩.
ફોન : ઓફિસ : ૨૩૪૩ ૫૪૨૬, ૨૩૪૩ ૮૪૬૪ • ફેક્સ : ૫૬૩૫ ૯૦૪૪

લકી બેગ હાઉસ

૯૫, મારલેન રોડ, BST ક્વાટર્સ સામે, મુંબઈ - ૪૦૦ ००૮.
ટેલિફોન : ૨૩૦૨ ૧૯૪૨, ૨૩૦૨ ૧૯૪૪
www.luckybaghouse.com

પ્રમુખશ્રીની કલમે

ડૉ. ચંદ્રકાંત મણિબેન નાનજી લાલન

વિચારકણિકા

વાંચન - અમૂલ્ય પરંપરા

આદિમાનવ જ્યારે પૃથ્વી ઉપર વસવાટ કરતો થયો ત્યારે શરૂઆતમાં આપસમાં વ્યવહાર કરવા કોઈ ભાષા નહોતી, હાવભાવ અને ઈશારાથી શરૂ થયેલ. આ દેહ ધીરેધીરે કોઈ ચોક્કસ પ્રકારના અવાજ સાથે આગળ વધી બોલવાની ભાષા ઉપર પહોંચતાં કદાચ હજારો વર્ષ નીકળી ગયાં હશે અને જેમજેમ સંસ્કૃતિ આગળ વધતી ગઈ તેમ પ્રદેશ મુજબની ભાષાઓનો જન્મ થતો ગયો અને માનવી પોતાની ઈચ્છાઓ - ઈરાદાઓ અને વિચારોને કાયમ રાખવા સતત મથતો રહ્યો. મૌખિક પરંપરા હજારો વરસો સુધી ચાલતી રહી, પણ હંમેશાં આગળ નવીન કાંઈ કરવાના માણસના સંકલ્પે પોતાના વિચારોને કાયમી સ્વરૂપે રજૂ કરવા કોઈ સંજ્ઞા દ્વારા વ્યક્ત કરવાના પ્રયત્નો ગુફાઓની દીવાલો ઉપર પથ્થર અથવા કોઈ અણીદાર વસ્તુઓના લીધે વિવિધ આકૃતિઓને દોરવાથી ચોક્કસ મૂળાક્ષરો સુધી લાંબી મંજિલ કાપીને આપણને લેખનકાર્ય સુધી લઈ ગયા. સાથે સાથે લખાણને વધુ સારી રીતે અને ચોક્સાઈપૂર્વક લખવા લાંબી મથામણ પછી વ્યાકરણનો જન્મ થતો ગયો. આ લાંબી દોડમાં માનવી પોતાનાં વિચારો અને જ્ઞાનને શ્રુતિ પરંપરા દ્વારા આવનાર પેઢીઓ સુધી પહોંચાડવાનો પ્રયત્ન કરતો રહ્યો.

આપણા બધા જ ધર્મોમાં શ્રુતિ પરંપરાનું અનેરું મહત્ત્વ રહ્યું છે. ભગવાન મહાવીરસ્વામી જ્યારે ઉપદેશ આપતાં ત્યારે તેમના ૧૧ શિષ્યો જેને ગણધર કહેવામાં આવતા તેઓ બધા ઉપદેશ મૂળ સ્વરૂપે સાંભળી એને કંઠસ્થ કરતા. સૂત્રોના પઠન પાછળ વિશેષ છંદ સ્વર અને લયમાં થતું જેથી ફેરફાર થવાની શક્યતા ઓછી રહે. જૈન ધર્મનું મૂળ જ્ઞાન-પુસ્તક આગમ મહાવીરસ્વામીના નિર્માણ બાદ લગભગ ૧૦૦૦ વર્ષ પછી લખાણ સ્વરૂપે આપણને મળી શક્યું. જૂની માન્યતાઓ મુજબ જ્ઞાન પવિત્ર હોવાથી મૌખિક રાખવું જ જોઈએ. પણ જેમ જેમ માનવ પોતાની જીવન-જરૂરિયાત માટે વધારે સમય ફાળવતો થયો તેમ તેમ લેખનકાર્યને ઉત્તેજન મળતું ગયું. આજે પણ આપણી શાળાઓમાં કવિતાઓને મુખપાઠ કરવાની પદ્ધતિ છે જે શરૂઆતનું લખાણ ભીંતો - શિલાલેખો, તામ્રપત્ર - તાંબાના પતરાથી કાગળ ઉપર અને હવે ડીજિટલ ફૉર્મમાં આપણને મળે છે.

લેખન પદ્ધતિનો વ્યાપ જેમ જેમ વધતો ગયો તેમ તેમ જ્ઞાન સાચવવા - વ્યાપાર ચલાવવા કાયદા બનાવવા ને શિક્ષણ આમ જનતા સુધી પહોંચાડવાનું સહજ બનતું ગયું. લખાણ અને વાંચને માનવજાતના વિકાસમાં અત્યંત મહત્ત્વનું યોગદાન આપેલ છે. પુસ્તકો માત્ર કાગળનાં પાનાં નથી, તે જ્ઞાન - અનુભવો, સંસ્કૃતિ અને વિચારસરણીનો ખજાનો છે. સારા અને શિષ્ટ વાંચનની પરંપરાએ વ્યક્તિના જીવનમાં માનસિક-બૌદ્ધિક-નૈતિક જેવાં ક્ષેત્રોમાં સકારાત્મક પરિવર્તન આપેલ છે. લેખન-વાંચન દ્વારા આખી દુનિયામાં જ્ઞાન-વિજ્ઞાનનો પ્રચાર સહજ થતાં કરોડો માણસોના જીવનમાં આમૂલ પરિવર્તન આવેલ છે. વાંચન કરનાર વ્યક્તિનું શબ્દ ભંડોળ વધી જાય છે અને વાંચનથી વ્યક્તિની બોલવાની અને સંવાદ સાધવાની કુશળતાનો વ્યાપ વધતો જાય છે.

વાંચન એ મનને શાંત કરવાની ઉત્તમ પ્રક્રિયા છે. થોડું વાંચન પણ મનને એકાગ્ર બનાવે છે. વાંચન દ્વારા મન કેન્દ્રિત કરવાની ક્ષમતા વધે છે. લખાણ-વાંચન અનેક પ્રકારનાં હોય છે અને આપણી રોજબરોજની જિંદગીમાં એનો પર્યાય શોધવો મુશ્કેલ છે.

પણ... પણ આજે વિજ્ઞાનની હરળફાળને લીધે આપણે ડીજિટલ યુગમાં પ્રવેશી ચૂકયા છીએ. મોબાઈલ- સોશિયલ મીડિયા, ઓટીટી પ્લૅટફૉર્મના લીધે આપણામાં આમુલ પરિવર્તન આવતું ગયું છે. ટૂંકી રિલ્સ અને તરત માહિતી કે મનોરંજન આપતા કન્ટેન્ટના કારણે લોકો પાસે પુસ્તક વાંચવાની ધીરજ રહી નથી.

સમયની દોડ સાથે દોડતા માણસો એક વ્યસ્ત જીવન જીવી રહ્યા છે. કામનો દબાવ, શિક્ષણ ક્ષેત્રે સ્પર્ધા, રોજીરોટી માટેની ભાગદોડ અને સામાજિક સંબંધોના તણાવમાં શાંતિથી વાંચવાનો સમય જ નથી. વાંચન માટેની મનની સ્થિરતા અને એકાગ્રતા તો ખોવાઈ ગયેલ છે. ખપપૂરતું વાંચવું એ જ આજના શિક્ષણ ક્ષેત્રે દેખાઈ આવે છે. રોજનું અખબાર હવે ઘણાં ઘરોમાં આવતું બંધ થઈ ગયેલ છે. ઈલેક્ટ્રોનિક મીડિયા દ્વારા ખપપૂરતા સમાચાર જોઈ લેવાનો ટ્રેન્ડ વધતો જાય છે.

થોડાંક વર્ષો પહેલાં લાઈબ્રેરીમાંથી વાંચવા પુસ્તકો લઈ આવવા અને મનપસંદ પુસ્તકોને ઘરે વસાવવાની પ્રથા હવે નાબૂદ થતી જાય છે, પણ પુસ્તકોની જરૂરિયાત તો એટલી જ છે. ચાલો, આપણે પુસ્તકપ્રેમ વિકસાવીએ, બાળકો અને યુવાનોને વાંચન સાથે જોડીએ, વાંચનને દૈનિક રોજચર્યાનો ભાગ બનાવીએ અને અમૂલ્ય પરંપરાને જીવંત બનાવીએ અને વાંચનના ફાયદાઓનું જ્ઞાન આવનાર પેઢીને આપીએ.

મારે માત્ર એક જ અપીલ કરવાની કે આ લખાણ વાંચનાર પગદંડીના સુજ્ઞ વાંચકો પોતાના પ્રયત્નોથી એક વ્યક્તિને વાંચન માટે પ્રેરિત કરે.

મો. : ૯૩૨૨૯૫૫૮૮૦

પગ મેં ભમરી

લીલાધર હાંસબાઈ માણેક ગડા-અધા

કપરાડાની કાયાપલટ

૧૯૮૫-૮૬-૮૭ના કચ્છના કારમા ત્રણ દુષ્કાળ પછીના વર્ષે વાદળાં બંધાય ત્યારે કૃત્રિમ વરસાદના પ્રયોગો કરવાનું નક્કી થયું હતું. એ ટીમમાં હું પણ સામેલ હતો. વાદળો કસવાળાં હોય ત્યારે સિલ્વર નાઈટ્રેટ પ્રવાહીનો હેલિકૉપ્ટર મારફત છંટકાવ કરવાનો હતો. સિલ્વર નાઈટ્રેટ સોના - ચાંદીની રિફાઈનરી પાસેથી મળે. મુંબઈમાં તાડદેવમાં સોનાવાલા નામે પ્રખ્યાત જૈન પરિવારની રિફાઈનરી અને એ નિમિત્તે સોનાવાલા પરિવારના સભ્ય નીતિનભાઈ સોનાવાલાનો પરિચય થયો.

મુંબઈ જૈન યુવક સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળા નિમિત્તે એકત્રિત ધનરાશિ ગ્રામ્યસ્તરે શિક્ષણનું કામ કરતી સંસ્થાઓને અનુદાનરૂપે આપવામાં આવે છે. મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો અનુદાનપાત્ર સંસ્થાની મુલાકાત લીધા પછી અનુદાન માટેની યોગ્ય સંસ્થા નક્કી કરે છે. સને ૨૦૦૭માં કચ્છના નીલપર ગામની ગ્રામ સ્વરાજ સંઘ સંસ્થાને ફાળો આપવાનું નક્કી થયું. તે અગાઉ સંસ્થા મુલાકાતે આવેલા પ્રતિનિધી મંડળમાં નીતિનભાઈ સોનાવાલા હતા. તે પછીના વર્ષે તેઓ મુંબઈ જૈન યુવક સંઘના અધિકારપદે હતા અને પર્યુષણ વ્યાખ્યાનમાળામાં મારું વ્યાખ્યાન હતું તે નિમિત્તે નીતિનભાઈને મળવાનું થયું.

સાલસ સ્વભાવના નીતિનભાઈનો ખરો પરિચય અમારી શબરી છાત્રાલયની મુલાકાત વખતે થયો. વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના મુખ્ય મથક કપરાડા ગામમાં આદિવાસી કન્યાઓનાં શિક્ષણ માટે તેમના પારિવારિક ટ્રસ્ટ શ્રી કાંતિલાલ મોહનલાલ સોનાવાલા ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા શબરી છાત્રાલયનાં દીપ્તિબેન - નીતિનભાઈ દંપતી મુખ્ય સંચાલક છે. તેમના આગ્રહને વશ અમે સને ૨૦૧૫માં માનસીની દીકરીઓનો કપરાડાનો પ્રવાસ ગોઠવ્યો હતો. અમારા બે દિવસનાં રોકાણ દરમ્યાન અમારો નિજી પરિચય થયો અને એ મુલાકાત મિત્રતામાં પરિણમી. સોનાવાલા પરિવારની ૧૯૮૮-૮૯થી શરૂ થયેલી આદિવાસી દીકરીઓ માટેની શિક્ષણ - અભ્યાસની પ્રવૃત્તિઓ વિશે મારી કૉલમ પગમેં ભમરીમાં જાન્યુઆરી ૨૦૧૬માં લખ્યું હતું અને ત્યાર પછી પગમેં ભમરી - પાંચમા ચરણમાં એ આલેખનનો સમાવેશ છે.

ટૂંકમાં શબરી છાત્રાલય વિષે લખું છું. આજથી ૩૬ વર્ષ પહેલાં કપરાડા ગામમાં કન્યા શિક્ષણનું પ્રમાણ નહીંવત્ હતું. શ્રી કે. એમ. સોનાવાલા ટ્રસ્ટનાં સઘન પ્રયત્નોથી શિક્ષણનો વ્યાપ અને પ્રસાર એટલો વધ્યો છે કે આજે એક પણ કન્યા માધ્યમિક શિક્ષણથી વંચિત નથી. વાસ્તવમાં સોનાવાલા પરિવારે શિક્ષણ ક્રાંતિ સર્જી છે, પરંતુ આજે શિક્ષણ ક્રાંતિની વધારે ચર્ચા કરવાને બદલે નીતિન સોનાવાલા દંપતીએ કપરાડા તાલુકામાં છેલ્લાં પાંચ-સાત વર્ષ દરમ્યાન ખેતીમાં ક્રાંતિકારક પરિવર્તન લાવ્યાં છે તેની વાત કરવાની છે. તે અગાઉ કપરાડા વિસ્તારની ટોપોગ્રાફી - જમીન અંગે જાણકારી મેળવીએ.

ભારતમાં સૌથી વધારે વરસાદ (૪૦૦ ઈંચ જેટલો) આસામના ચેરાપુંજીમાં પડે છે, છતાં પણ ઉનાળામાં ત્યાં પાણીની ટંચાઈ રહે છે. ભારતના

પશ્ચિમ ઘાટના દરેક પર્વતીય વિસ્તારોમાં ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક કે કેરાલામાં ૧૨૫ થી ૧૭૫ ઈંચ વરસાદ પડતો હોવા છતાં ઉનાળામાં માથે બેડાં લઈ પાણી ભરવા જતી મહિલાઓનાં દૃશ્યો સામાન્ય છે. ચોમાસામાં કૂવામાં પાણી પાંચ થી પચ્ચીસ ફૂટે હોય તે કૂવાઓનાં પાણી ૨૦૦ ફૂટ નીચે ઊતરી જાય છે. આટઆટલો વરસાદ પડતો હોવા છતાં ઉનાળામાં ખેતરોમાં ભેજ નથી રહેતો. જ્યાં લગભગ વર્ષના પાંચ મહિના વરસાદ પડતો હોય ત્યાં પણ બીજો પાક લઈ શકાતો નથી. જેનાં બે મુખ્ય કારણો છે. પર્વતીય ઢાળ હોવાથી પાણી વહી જાય છે અને એનો સંગ્રહ થતો નથી અને બીજું કારણ છે કે જમીનમાં ભેજનો અભાવ હોય છે. ચોમાસામાં વધુ વરસાદ હોય ત્યાં પહેલા ચોખાનો પાક લેવાય છે અને ત્યાર પછી વર્ષ દરમ્યાન બીજા પાકની ગુંજાઈશ નથી રહેતી. આ પરિસ્થિતિ કપરાડાની હોવાથી સરેરાશ ખેડૂતના બે છેડા માંડ ભેગા થાય. ઘરના સારા-નરસા પ્રસંગો આટોપવા ભારે વ્યાજે રકમ ઉછીની લેવી પડે. વ્યાજનાં ચુકવણીમાં મુદ્દલ બાકી રહી જાય. સને ૧૯૮૦ પહેલાં મહિલા શિક્ષણ નહીંવત્. દીકરાઓ માંડ પાંચ-સાત ચોપડી ભણી મજૂરી કામે લાગી જાય. બાળમજૂરી કે બાળલગ્ન સાહજિક હતાં. ૧૫૦ ઈંચ વરસાદ પડે તે ગુજરાતના ચેરાપુંજી તરીકે કહેવાતા કપરાડા તાલુકામાં હોળી પછી બૈરાંઓ પાણી માટે માથે બેડું લઈ બે કિલોમીટરનો પ્રવાસ કરે. વ્યસનો અને અંધશ્રદ્ધામાં ડૂબેલા કપરાડા તાલુકાની દશા અને દિશા બન્ને બદલે એની શરૂઆત આજથી ત્રણ વર્ષ અગાઉથી થઈ. દીકરીઓનાં શિક્ષણ માટે ૧૯૮૦માં શરૂ થયેલ શબરી છાત્રાલયને વિસ્તૃત કરવા બાંધકામ જરૂરી બન્યું. નીતિનભાઈએ બાંધકામ માટે જરૂરી પાણી ટૅન્કરોથી લાવવાના બદલે છાત્રાલયની જમીનના છેડે ૧૫x૧૫x૨૦ ફૂટનો ખાડો બનાવ્યો. ચોમાસામાં વરસાદનાં પાણીનો સંગ્રહ થયો, પણ વરસાદ બંધ પડતાં પાણી શોષાવા માંડ્યું અને થોડા દિવસોમાં ખાડો

ખાલી થયો. વરસાદ પડતાં ફરી ભરાયું અને ખાલી થયું. જમીનમાં શોષાતા પાણીનો નીચાણવાસનાં કૂવાઓમાં સંગ્રહ થતો ગયો અને સામાન્ય રીતે કૂવાઓનાં જળરાશિ નીચે જવાને બદલે ઉપર આવ્યા. નીતિનભાઈની નજરે આ છૂપું ન રહ્યું અને એમાંથી જળસંગ્રહની નવી પદ્ધતિએ આકાર લીધો જેને નામ આપ્યું શબરી જળસંચ યોજના.

નીતિનભાઈએ આ યોજના સાથે ખેડૂતોને, લોકોને જોડ્યા. એમણે સમજાવ્યું કે મોટા બંધો માટે સરકાર પર આધાર રાખવાને બદલે ''અપના હાથ જગન્નાથ'' સિદ્ધાંત સ્વીકારીએ. વહી જતા પાણીને અટકાવો, એનો સંગ્રહ કરો. જળ એ જ જીવન છે અને જીવનને વેડફવાને બદલે એને સાચવીએ. સ્વ અને પરના ભલા માટે એની જાળવણી કરીએ. જ્યાં જ્યાં શક્યતા હોય ત્યાં ત્યાં શોષ ખાડાઓ, તળાવડીઓ, તળાવો, આડબંધો, ચેકબંધો બાંધીએ. સંઘરેલો સાપ પણ કામ આવે... આ તો ઈશ્વર મફતમાં આપે છે એને સંગ્રહી માણસ, પશુ, પંખી માટે ઉપયોગમાં લેશો તો ઈશ્વર રાજી થશે. નીતિનભાઈની કથની અને કરણીમાં સમાનતા છે, એટલે લોકોને એમના શબ્દોમાં વિશ્વાસ બેઠો અને શરૂઆત થઈ જળક્રાંતિની. બોર કરી પાણી ખેંચવાને બદલે હવે સપાટી પર પાણીનો સંગ્રહ કરવો જે આપમેળે ધરતીમાં ઊતરી જાય અને જ્યાં પથરાળ જમીન મળે ત્યાં ધરતી પર જ સંગ્રહ થાય. સ્વમેળે સંગ્રહ થાય અને એનાં મીઠાં ફળ આપોઆપ

મળે એવી અહિંસક ક્રાંતિની કપરાડા તાલુકામાં શરૂઆત કરી નીતિનભાઈ સોનાવાલાએ એમના પારિવારિક ટ્રસ્ટ શ્રી કાંતિલાલ મોહનલાલ સોનાવાલા ટ્રસ્ટ દ્વારા.

સને ૨૦૧૮માં શબરી છાત્રાલયમાં પ્રયોગ થયો જે સફળ થયો અને ૨૦૨૪ એટલે માત્ર છ વર્ષમાં લોકો અને ટ્રસ્ટના સહિયારા પ્રયાસથી ૧૨૦ જળસંગ્રહાલયોનું નિર્માણ થયું છે. આ જળ સંગ્રહાલયોને કારણે હજારો હેક્ટર જમીનમાં ભેજ સચવાયો છે. જમીન ફળદ્રુપ બની છે. કૂવાઓના જળરાશિ ૧૦૦ ફૂટને બદલે ૨૦ ફૂટ મળે છે. ખેડૂતો પહેલો પાક ડાંગરનો લે છે જે એમનું ખાદ્યાન્ન છે અને બીજા પાકમાં શાકભાજી કે અન્ય રોકડ પાકનો લે છે જેનાથી એમને આવક થાય. સોનાવાલા ટ્રસ્ટે ભલાઈનું એક બીજું કામ કર્યું. ડાંગરની ખેતી જાપાનીઝ પદ્ધતિએ થાય તો ઉતારો વધારે મળે. ખેડૂતોને એ પદ્ધતિ શીખવવા માટે નિષ્ણાતોનું માર્ગદર્શન મેળવ્યું. જેમ તળાવનો પ્રાથમિક પ્રયોગ શબરી છાત્રાલયમાં કર્યો તેવી જ રીતે ખેતીમાં બદલાવની પ્રક્રિયા પણ શબરી છાત્રાલયનાં ખેતરોમાં કરી.

શબરી છાત્રાલયમાં બીજો પાક વધારે ધન કમાવી શકાય તેવા પાકો માટે કર્યો. મહાબળેશ્વર અને કપરાડાની ભૌગોલિક રચના અને આબોહવા લગભગ એકસરખી છે. મહાબળેશ્વરમાં જો સ્ટ્રોબેરીની ખેતી થઈ શકે તો કપરાડામાં શા માટે નહીં. મહાબળેશ્વરના કાબેલ ખેડૂતોને કપરાડા લઈ આવ્યા. એમની સલાહ અને માર્ગદર્શન હેઠળ પાળા બાંધી, ટપક પદ્ધતિથી સિંચાઈ કરી અડધા એકરમાં સ્ટ્રોબેરીનું વાવેતર કર્યું. સ્ટ્રોબેરી ખેતીનો પ્રયોગ સફળ થયો. હવે કપરાડાનાં ખેડૂતો જાપાનીઝ પદ્ધતિથી ડાંગરની ખેતી કરે છે અને બીજો પાક સ્ટ્રોબેરીનો લેવાની શરૂઆત કરી છે. નીતિનભાઈ આટલેથી સંતોષ નથી માનતા. તેઓ બીજા પાક માટે સ્ટ્રોબેરી સિવાય અન્ય પાકો લેવા અંગે પ્રયત્ન કરે છે. જેથી અત્યાર સુધી દેવામાં ડૂબેલા ખેડૂત સમૃદ્ધિના પથ પર કદમ આગળ ભરે.

નીતિનભાઈની બ્રિગેડમાં જોડાવા માટે વ્યસનમુક્તિ ફરજિયાત છે. એમનો વ્યસનમુક્તિનો આગ્રહ ક્યાંક થોડી અડચણો ઊભી કરશે, પણ તેઓ મક્કમ મને સમજાવટથી કામ લે છે. મહિલાઓ માટે સિવણકામ દ્વારા આવક વધારવાના કાર્યક્રમો પણ સુપેરે ચાલે છે. ટૂંકમાં નીતિનભાઈ અને દીપ્તિબેન દંપતી સર્વ જન સુખાય, સર્વ જન હિતાયની સર્વગ્રાહી પ્રવૃત્તિઓમાં લીન છે. મુંબઈ અને કપરાડા વચ્ચેની તેમની દોડધામ સતત રહે છે. પ્રવૃત્તિઓ માટે અનુદાન મળતું રહે છે અને ખૂટે ત્યારે પોતાનું ટ્રસ્ટ ભરપાઈ કરે છે.

નીતિનભાઈ એટલે નિષ્ઠા, નીતિનભાઈ એટલે સાદગી અને સરળતા અને તેથી જ સફળતા.

મો. : ૯૮૭૯૫૦૬૦૫૯

મારું આયખું ખૂટે જે ઘડીએ

- પ્રવીણ દેસાઈ, બોટાદ

સંજય ચંદનબેન વિસનજી છેડા

રોજ સવારે આપણી ખબર પત્રિકા ખોલીએ અને મરણનોંધ વાંચતાં જઈએ અને ઉંમર પ્રમાણેનું એ લિસ્ટ વાંચતાં, કોઈ નાની ઉંમરનું તો કોઈ જીવનના મધ્યાહને તો કોઈ ટૂંકી માંદગીમાં, એમ દરેક મરણનું કારણ વાંચતાં ઘણી વાર વિચાર થાય કે કેવું ક્ષણભંગુર છે આ જીવન અને ત્યારે તારીખ ૫ ઑક્ટોબર, ૨૦૨૫ના રોજ વાંચેલી મરણનોંધ યાદ આવી જાય. ગામ વડાલાના દામજી પાનબાઈ પુનશી શેઠિયાની મરણનોંધમાં શબ્દો હતા ''રૂડી રીતે આયખું પૂર્ણ કરેલ છે.''

કોઈ રંજ નહીં, કોઈ શોક નહીં, પણ જીવન સાર્થક રીતે જીવી લઈ, કૃપાપૂર્વક અલ્પવિરામને ગરિમાપૂર્વક સ્વીકારવાનો ઉત્સવ. એ સમયે એમના કુટુંબીજનોની આ નવતર લાગણી અને દ્રષ્ટિકોણને વધાવતો એક સંદેશ એમના પરિવાર તેમ જ સોશિયલ મીડિયા પર મૂક્યો હતો. એ જ ફરી આજે મમળાવવા બેઠો ત્યારે બે જાણીતાં ભજન યાદ આવી ગયાં.

પ્રવીણભાઈ દેસાઈ (બોટાદ) દ્વારા રચાયેલું ''મારુ આયખૂં ખૂટે જે ઘડીએ'' અને કવિ પ્રદીપ દ્વારા રચાયેલું ''ઈતના તો કરના સ્વામી, જબ પ્રાણ તન સે નીકલે''. પહેલા સ્તવનમાં ક્યાંય પણ ગૂગલ કરો તો રચયિતાનું નામ ના મળે, ફક્ત ગાયક તરીકે સ્વ. કિશોર મનરાજાનું નામ દેખાય અને બીજા હિન્દી ભજનમાં પણ ગાયક અનુપ જલોટાનું નામ દેખાય, પણ કવિ પ્રદીપનો ક્યાંય પણ ઉલ્લેખ સુધ્ધાં નહીં. સ્તવન પર લખવું હોય અને રચયિતાને ક્રેડિટ ના આપી શકીએ તો આપણાને પોતાને ગુનાહિત લાગણી થાય (એટલે તરત શાંતિલાલ દેવકાબેન કરમશી ગોસર, ગઢશીશા (ત્રિશલા ઈલેક્ટ્રોનિક્સ)ને મૅસેજ કર્યો અને એમણે થોડી વારમાં બન્ને સ્તવન / ભજનના રચયિતાનાં નામ આપ્યાં.)

જીવનનો કોઈ ભરોસો નથી, જીવન નાશવંત છે, જે આવ્યું છે, એણે જવાનું જ છે. આ બધું આપણે વર્ષોથી લખતાં, વાંચતાં અને સાંભળતાં આવ્યા છીએ, પણ આપણે કોઈએ આ વાત સ્વીકારી નથી, સ્વીકારવી સહજ પણ નથી, પણ જ્યારે પ્રવીણભાઈ દેસાઈનું આ સ્તવન સાંભળો, ત્યારે સાચે જ વિચાર થઈ આવે કે મૃત્યુ આવે તો આ રીતે જ આવે. ચાલો, આ સ્તવનના શબ્દોને જાણીએ અને માણીએ...

મારું આયખું ખૂટે જે ઘડીએ,
ત્યારે મારા હૃદયમાં પધારજો,
છે અરજી તમોને બસ એટલી,
મારા મૃત્યુને સ્વામી સુધારજો.

આયખાની ડોર છે, કાં તૂટવાની , કાં ખૂટવાની તો છે જ. કોઈ અમરપટો લખાવી નથી આવ્યું અને એટલે જ આ વાતને ગરિમાપૂર્વક સ્વીકારી ઇશને પ્રાર્થના કરવાની છે કે જીવન ભલે ગમે તેવી રીતે જીવાયું હોય, પણ મારા અંત સમયને સુધારજો, સંભાળી લેજો, જાળવી લેજો.

જીવનનો ના કોઈ ભરોસો,
દોડાદોડીના આ યુગમાં,
અંતરિયાળે જઈને પડું જો,
ઓચિંતા મૃત્યુના મુખમાં.

ત્યારે સાચા સ્વજન બની આવજો,
થોડા શબ્દો ધર્મના સુણાવજો, છે અરજી...

આખું જીવન માત્ર ને માત્ર દોડાદોડી. સમજની શરૂઆતથી માંડીને ''તમને આમાં સમજ ના પડે'' સુધીની વૃદ્ધાવસ્થાની એ પળો અને અંતરિયાળે (કેન્દ્રથી ખૂબ જ દૂર, વેરાન પ્રદેશ કે જ્યાં કોઈ વસ્તી ના હોય) જો અચાનક યમરાજનો સામનો થઈ જાય તો.

गोविन्द नाम लेकर, फिर प्राण तन से निकले. આ ઘડીએ સ્તવનમાં ઈશ્વરને એવી વિનંતી નથી કે મને બચાવી લેજો, મને લાંબું આયુષ્ય આપજો, કે મારા મૃત્યુને ટાળી દેજો. ઓચિંતા અરિહંતશરણની ઘડી આવી જાય તો બસ ઈશ્વરને એ જ પ્રાર્થના કે સાચા સ્વજન બનીને આવીને ધર્મના શબ્દો સુણાવજો (આપણા તો લોહીમાં જ આ લાગણી એ રીતે ઓતપ્રોત હોય કે ક્યાંક કીડી, મંકોડા કે અન્ય પ્રાણીના પણ અંત સમયને આપણે નવકાર સુણાવી એનો આ ભવ અને આવનાર ભવ સુધારવાનો યત્ન કરીએ) અને એટલે જ પ્રવીણભાઈ આ કડીઓમાં કહે છે કે સાચા સ્વજન બની આવીને ધર્મ સંભળાવીને મારા આ ભવનાં કર્મોને ખપાવજો.

જીવવું થોડું ને ઝંઝાળ ઝાઝી,
એવી સ્થિતિ છે આ સંસારની,
છૂટવા દે ના મરતી વેળાએ,
ચિંતા મને જો પરિવારની,
ત્યારે દીપક તમે પ્રગટાવજો,
મારા મોહ તિમિરને હટાવજો, છે અરજી તમોને...

मेरा सांवरा निकट हो, जब प्राण तन से निकले. વિશ્વના કોઈ પણ જીવની સરખામણીમાં સૌથી વધુ મોહ, માયા અને ઝંઝાળો ઊભી કરવામાં માનવીને કોઈ ના આંબી શકે અને પછી કરોળિયાની જેમ પોતે જ ઊભી કરેલી આ જાળમાં માણસ એવો અટવાય, એવો ફસાય કે એ જીવ પણ શાંતિથી ત્યાગી ના શકે. જો માણસ ગરીબ હોય તો મારા પછી મારો પરિવાર કેવી રીતે જીવશે, કેમ કરીને બે છેડા ભેગા કરશેની ચિંતા અને તવંગર હોય તો મારા પછી મારા આ સામ્રાજ્યનું શું? એની ચિંતા.

કવિ સાચા અર્થમાં કહે છે કે આ તિમિર (અંધારું) છે, એને દૂર કરવા દીપક તમે જ પ્રગટાવજો અને મારા આ છેલ્લા સમયને તમે જ સાચવીને મને આ સંસારના મોહ, માયાનાં બંધનોમાંથી મુક્ત કરવામાં મદદ કરજો.

દર્દો વધ્યાં છે, આ દુનિયામાં,
મારે રિબાવી રિબાવીને
એવી બીમારી જો મુજને સતાવે,
છેલ્લી પળોમાં, રડાવીને
ત્યારે મારી મદદમાં પધારજો,
પીડા સહેવાની શક્તિ વધારજો, છે અરજી તમોને...

मेरे मुख में तुलसी दल हो, विष्णु चरण का जल हो, जब प्राण तन से निकले. માણસે સંશોધનો કર્યાં બેક્ટેરિયા અને વાયરસને જાણ્યા, વેક્સીનો બનાવી, પણ પ્રભુ પણ માણસને આ બીમારીઓને માત કરવામાં હંફાવી દે છે. એવો સમય આવ્યો કે હવે તો આપણા આહાર, હવા, પાણી જ એવા પ્રદૂષિત થયાં છે કે એ પોતે જ કેટલીય બીમારીઓનાં કારણ કે નિમિત બન્યાં છે.

जब कंठ प्राण आवे, कोई रोग ना सतावे, यम दर्शना दिखावे, जब प्राण तन से निकले. કોઈ સ્વજન આઈસીયુ કે આઈસીસીયુ કે વેન્ટિલેટર પર હોય અને મળવા જાઓ તો એ સ્પિરિટ અને દવાઓની ગંધ, દર્દીના કાંડામાં ભરાવેલી સોઈયો, એક પૂરી થાય કે તરત બીજી, એવી ડ્રીપ લાઈનમાં ચડાવાતી ગ્લુકોઝ અને અન્ય શક્તિની દવાની

બૉટલો, હાર્ટ અને ઓક્સિજનના મોનિટરની વચ્ચે ઝોલાં ખાઈ રહેલા સ્વજનને જોઈને બે વિચાર તો મગજમાં ચોક્કસ આવે.

૧. હે પ્રભુ, આ સ્વજનને આ પીડામાંથી કાઢો.

૨. હે પ્રભુ, મને તો નહીં, પણ કોઈ શત્રુને પણ આવો અંત ના આપજો.

सुधि होवे नाही तन की, तैयारी हो गमन की, लकड़ी हो ब्रज के वन की, जब प्राण तन से निकले. કવિ પ્રદીપના ભજનમાં શ્રીકૃષ્ણને આવવાની વિનંતી છે. સાથે ગંગાના તટ કે યમુનાના વંશિવટની કે વૃંદાવનમાં મરણની યાચના છે. વ્રજનું લાકડું, તુલસીનું પાન વગેરેની વાત થાય છે, જ્યારે પ્રવીણભાઈના સ્તવનમાં બસ ધર્મ સાંભળવાની, પોતાનું આયખું સુધારવાની, મોહના તિમિરને દૂર કરવાની વાત છે.

एक भक्त की है अर्जी, खुदगर्ज की है गरजी,
आगे तुम्हारी मर्जी, जब प्राण तन से निकले
ये नेक सी अरज है, मानो तो क्या हरज है,
कुछ आप का फरज है, जब प्राण तन से निकले.

આ બન્ને સ્તવન / ભજનને માણતાં માણતાં કવિ પ્રદીપની છેલ્લી કડીઓ સાથે વિરામ લઈએ. એક બાળક પોતાના સર્જનહારને હક્ક સાથે, બાળહઠની જેમ અરજી કરે છે. ભક્ત પોતે સ્વીકારે છે કે એ સ્વભાવ મુજબ સ્વાર્થી જ રહ્યો છે, પણ છેવટે ભક્તની આ અરજ પૂરી કરવી એ પરમપિતાની ફરજ છે.

છેલ્લે, આ સ્તવન / ભજનને જીવનમાં વણી લેવા આટલું શરૂ કરવું જરૂરી :

૧. આપણે ધર્મને 'રિટાયરમેન્ટ પૅકેજ'ની જેમ રાખ્યો છે. જ્યારે ધર્મ તો દરેક શ્વાસમાં જીવવાનો માર્ગ છે. રોજિંદા જીવનમાં ધર્મને વણી શકીએ તો જ અંતિમ ક્ષણની શાંતિ મળી શકે. ધર્મ પછી કરશું એ વાત જ ખોટી છે. આપણી આજ જ, આપણી છેલ્લી ઘડી હોઈ શકે. એ વાત મગજમાં ઠસાવીને જીવો.

૨. આજના ભાગદોડીના જીવનમાં ઘણી વાર યમરાજનું નિમંત્રણ તમે ઘરની બહાર, ક્યાંક આવતી, જતી વખતે, રસ્તા પર, ટ્રેનમાં, મુસાફરીમાં આવી જાય, એટલે હાથમાં નાનકડી માળા સાથે રાખો અને પરમાત્માને યાદ કરતાં રહો. (અરે આંગળીના વેઢાને પણ માળા બનાવી શકો છો.)

૩. ક્રોધ, અંહકાર, વેર, ઝેર, રોજ રાત્રે ભૂલીને, દરેક વ્યક્તિને ક્ષમા કરીને સૂવા જાવ. શું ખબર કાલની સવાર તમને ના પણ નસીબ થાય.

૪. જે મળ્યું છે એનો આભાર માનતા રહો. જીવનની દરેક ક્ષણમાં આભારી રહો અને ખાસ તો, ઈશ્વર પ્રત્યે તેમ જ તમારા જીવનમાં આવનાર દરેક વ્યક્તિનો આભાર વ્યક્ત કરતાં રહો.

૫. વિસરતા અને વોસરાવતા રહો. સુખથી છકી ના જવું, દુખથી તૂટી ના જવું. સુખ અને દુખ બન્ને પરિસ્થિતિમાં 'આ પણ ટકવાનું નથી' એવી ભાવના મનમાં બાંધી ને સ્થિતપ્રજ્ઞ બનવા પ્રયાસ કરો.

૬. આજના યુગમાં મૃત્યુ કુદરતની ગોદમાં નહીં, પરંતુ હૉસ્પિટલનાં મૉનિટરો અને પાઈપોની વચ્ચે મળે છે. આ આધુનિક મેડિકલાઈઝેશન ઑફ ડેથ' આપણામાંથી ઘણી શાંતિ છીનવી લે છે. કદાચ એટલા માટે જ આવાં સ્તવનો આપણા અંદરના ધ્વનિને ફરીથી જગાડે છે કે અંતિમ ક્ષણોમાં યંત્ર કરતા 'આધ્યાત્મિક આધાર' વધારે મહત્ત્વનો છે.

૭. 'મારું આયખું ખૂટે જે ઘડીએ' કે 'ઈતના તો કરના સ્વામી' ગુગલ કરો અને શક્ય હોય તો વારાફરતી બન્ને સ્તવન / ભજન રીંગટોનમાં રાખી લો કે પછી રોજના પ્લેલિસ્ટમાં રાખો. આ સ્તવનો વાંચતાં / સાંભળતાં વારંવાર એ જ પ્રશ્ન મનમાં ઊઠશે - શું આપણે આપણો અંત આવી શાંતિથી સ્વીકારી શકશું ? જવાબ સરળ નથી, પરંતુ પ્રયત્ન તો આજે જ શરૂ કરી શકાય.

ચાલો ફરી કોઈ આવા જ મધુર સ્તવનને માણવા અને મમળાવવા ખિસકોલીના કોઈ પાને મળીશું.

જય જિનેન્દ્ર.

(રતાડિયા ગણેશવાલા)
મો.: ૯૮૯૨૮૧૫૩૬૭

પ્રિય વાચકો,

આપના પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર માટે ત્રણ માધ્યમ :

૧ વૉટ્સઍપ/સંદેશ
(માત્ર પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર)
CA સંજય ચંદનબેન વિસનજી છેડા
૯૮૯૨૮૧૫૩૬૭

૨ ઈમેલ - pagdandi@kvoss.org

૩ પત્રવ્યવહાર
પગદંડી, શ્રી ક.વી.ઓ. સેવા સમાજ
શ્રી ક.વી.ઓ. દેરાવાસી નવી મહાજન વાડી,
ત્રીજે માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ,
ચિંચબંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯.

- તંત્રી

મુલચંદ લાલજી એન્ડ કું.

MULCHAND LALJI & CO.

Importers & Wholesale Dealers in:
One Side Coated Paper, Wet Strength Paper, Mettalized Paper, Glassine Paper, CCK Paper

Admn. Office : 229/231, Perin Nariman (Bazar Gate) Street, 1st Flr., Fort, Mumbai - 400 001.

Phone: (+91-22) 2261 7273 • 2261 7878 • 2261 7299 • **Fax:** 2261 1207

Email : info@mulchandlalji.co • **Mobile :** +91 98201 27299

Shop & Reg. Office : 202/203, Bora Bazar Street, Near Jain Temple, Fort, Mumbai - 400 001.

યે જો દેશ હૈ મેરા

❋ રાજન ભાનુબેન કાંતિલાલ ધરોડ ❋

અમેરિકામાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના કાર્યકાળમાં ''આયાત શુલ્ક યુદ્ધ'' (ટેરિફ વૉર)ની વાત છંછેડાતા સમગ્ર વિશ્વમાં ખળભળાટ મચી ગયો. ઑગસ્ટ, ૨૦૨૫માં અમેરિકાએ ભારતમાંથી આવતા કેટલાક માલ પર આયાત શુલ્ક વધાર્યા હોવાનું અહેવાલમાં આવ્યું-કેટલીક કેટેગરીમાં કુલ દર ''૫૦ ટકા સુધી'' પહોંચ્યો હોવાનું પણ ચર્ચાયું - જેના કારણે ભારતના ઔદ્યોગિક જગતમાં ચિંતા અને ચર્ચા બન્ને વધ્યાં, કારણકે ટૅક્સ્ટાઈલ, રેડીમેડ, હીરા-જ્વેલરી, કેમિકલ્સ જેવી અનેક નિકાસ થનારી વસ્તુઓ પર સીધી અસર થવાની શક્યતા રહે છે. (આયાત શુલ્ક મુખ્યત્વે ''ભૌતિક માલ'' પર લાગુ પડે છે; ''આઈટી સેવાઓ'' પર સીધો શુલ્ક સામાન્ય રીતે ન લાગતો હોય, પરંતુ બજાર / માંગ / માનસિકતા જેવાં પરિબળોથી પરોક્ષ અસર થઈ શકે.)

જ્યારે મોટા દેશોની વેપારનીતિ બદલાય છે ત્યારે ભારત જેવાં નિકાસ આધારિત ક્ષેત્રો પર તરત અસર પડવાની શક્યતા રહે છે. એવી સ્થિતિમાં 'આપણા પોતાનાં જ્ઞાન અને ટેકનૉલૉજી' પર આધાર વધારવો-માત્ર ભાવનાત્મક વાત નથી, વ્યૂહાત્મક જરૂરિયાત છે.

'આત્મનિર્ભર ભારત'ની ઘોષણા ૧૨ મે, ૨૦૨૦ના રાષ્ટ્રને સંબોધનમાં થઈ હતી અને ૧૫ ઓગસ્ટ, ૨૦૨૦ ના લાલ કિલ્લા પરથી સ્વાતંત્ર્ય દિનના ભાષણમાં તેને મુખ્ય થીમ તરીકે ફરી ભારપૂર્વક રજૂ કરવામાં આવી હતી. ત્યાર બાદ સમગ્ર દેશમાં આત્મનિર્ભર ભારતનો જુવાળ પ્રગટ્યો હતો. ચાઈનીઝથી લઈને અનેક વિદેશી ઉત્પાદનોના બહિષ્કાર માટે ''યાદી-સંદેશા'' ફેલાતાં થયાં હતાં.

એ બાદ જ્યારે ટ્રમ્પ દ્વારા ટેરિફ વોર શરૂ થઈ તે જ સમયમાં વિદેશી VS સ્વદેશી વિષે પણ સોશિયલ મીડિયામાં કેટકેટલી પોસ્ટ આવી રહી હતી. કેટલીક જગ્યાએ વૉટ્સઍપની બદલે Arattai (અરત્તાઈ) મૅસેજિંગ ઍપ ડાઉનલોડ કરીને વાપરવાની અપીલ કરતા સંદેશા પણ ફરી વળ્યા હતા. અરત્તાઈ કદાચ હજી એટલી લોકપ્રિય મૅસેજિંગ ઍપ ન હોય, પરંતુ સંપૂર્ણ સ્વદેશી હોવાથી ''એક ભારતીય કંપની પણ ટેકનૉલૉજીથી સારી મૅસેજિંગ ઍપ બનાવી શકે છે'' એનું ગૌરવ તો થયું જ અને ત્યારે જ આ એપ બનાવનાર ZOHO (ઝોહો) કંપની વિશે જાણવાની ઉત્કંઠા જાગી-ત્યારે સમજાયું કે ઝોહો દુનિયાની અનેક ઈન્ફૉર્મેશન ટેકનૉલૉજી કંપનીઓને પડકાર આપી રહી છે.

આજની તારીખમાં Hurun India ૫૦૦ યાદીમાં ઝોહોનું મૂલ્યાંકન અંદાજે રૂા. ૧.૦૪ લાખ કરોડ બતાવવામાં આવ્યું છે (આ માત્ર અંદાજ છે, અધિકૃત બજારભાવ નહીં). જો ભવિષ્યમાં ઝોહો શૅરબજારમાં જાહેર ઈસ્યૂ (IPO) લાવે તો તેના શૅરો માટે ભારે માંગ ઊભી થવાની શક્યતા રહે.

આમ જોવા જઈએ તો વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનું સૂત્ર 'આત્મનિર્ભર ભારત' આજના ભારત માટે સૂત્ર નહીં, આવશ્યકતા છે. વૈશ્વિક શુલ્ક યુદ્ધ અને સ્પર્ધાના યુગમાં આપણે આયાત પર આધારિત

ઉપભોક્તા બનવાને બદલે જ્ઞાન, ટેકનૉલૉજી અને ઉદ્યોગ ક્ષેત્રે સ્વદેશી ક્ષમતા ઊભી કરીને અન્ય દેશો પર આધાર ઓછો કરવો પડશે અને નિકાસ વધારવી પડશે. આ વિચારોને શબ્દ નહીં, પરંતુ કર્મરૂપે જીવંત બનાવનાર એક મુખ્ય ઉદાહરણ એટલે Zoho Corporation (ઝોહો કૉર્પોરેશન) અને તેના સ્થાપક શ્રીધર વેમ્બુ.

શ્રીધર વેમ્બુએ સાબિત કર્યું છે કે વિશ્વસ્તરીય કંપની ઊભી કરવા માટે વિદેશી મૂડી, અતિશય જાહેરાતબાજી કે શૅરબજારમાં જવું જ પડે એ જરૂરી નથી. ઝોહો પોતાની રીતે ઊભી થયેલી ખાનગી કંપની છે અને કંપની પોતે કહે છે કે તેણે રોકાણકારોનાં નાણાં લીધાં નથી; એટલે ટૂંકા ગાળાના દબાણ વગર લાંબા ગાળાની દૃષ્ટિથી કામ કરી શકાય છે. ઝોહો આજે ૫૫થી વધુ વ્યાવસાયિક સોફ્ટવેર સાધનો આપે છે અને કંપની મુજબ તેના પાસે ૧૩ કરોડ વપરાશકર્તા તથા ૧૮ હજારથી વધુ કર્મચારીઓ છે.

સામાન્ય પૃષ્ઠભૂમિ ધરાવનાર શ્રીધર વેમ્બુનો જન્મ તામિલનાડુના એક નાનકડા ગામડામાં થયો હતો. બાળપણથી વિજ્ઞાન અને ગણિતમાં રસ હતો. તેમના પિતા સરકારી ટેલિફોન વિભાગમાં નોકરી કરતા અને માતા ગૃહિણી હતાં. તેમણે IIT મદ્રાસમાંથી ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ કર્યું. પછી અમેરિકા જઈ પ્રિન્સટન યુનિવર્સિટીમાંથી પીએચ.ડી. કર્યું. ઘણા યુવાનોની જેમ એક સમયે અમેરિકા સ્થાયી થવાની દૃષ્ટિ હતી, પરંતુ સમય સાથે તેમને લાગ્યું કે અંતરાત્મા તો ભારત તરફ ખેંચે છે. તેઓ ભારત તરફ વળ્યા અને ૧૯૯૬માં કંપનીની શરૂઆત AdventNet નામથી થઈ (પછી ઝોહો તરીકે ઓળખાઈ).

શરૂઆતમાં કંપનીએ ‘‘નેટવર્ક દેખરેખ’’ જેવા ક્ષેત્રમાં સોફ્ટવેર બનાવ્યા; પછી ધ્યેય સ્પષ્ટ થયું- સ્વદેશી ટેકનૉલૉજીથી વિશ્વસ્તરીય વ્યાવસાયિક સાધનો બનાવવાના. ઝોહોએ ‘‘સ્વાભાવિક વૃદ્ધિ’’ની નીતિ અપનાવી અને વ્યવસાયનાં અનેક પાસાં ટેકનૉલૉજીથી આવરી લેતાં સાધનો ઊભાં કર્યાં. ઝોહોએ ‘‘વ્યવસાય ચલાવવાના મોટા ભાગના કામ’’ માટે સાધનો બનાવ્યાં છે. લેખના પ્રવાહ પ્રમાણે સૌથી સરળ રીતે સંબંધ બાંધે એવા કેટલાંક જાણીતાં નામ:

ગ્રાહક સંબંધ/વેચાણ સંચાલન - (ઝોહો CRM)

ગ્રાહક ફરિયાદ/ટિકિટ સેવા - (ઝોહો Desk)

હિસાબ-કિતાબ - (ઝોહો Books)

કર્મચારી સંચાલન - (ઝોહો People)

ભરતી પ્રક્રિયા - (ઝોહો Recruit)

વ્યાવસાયિક ઈમેલ - (ઝોહો Mail)

ઓનલાઈન બેઠક - (ઝોહો Meeting)

લખાણ દસ્તાવેજ - (ઝોહો Writer)

પ્રોજેક્ટ સંચાલન - (ઝોહો Projects)

આંકડા/વિશ્લેષણ - (ઝોહો Analytics)

ઓનલાઈન દુકાન - (ઝોહો Commerce)

ઍપ બનાવવા માટે - (ઝોહો Creator)

શ્રીધર વેમ્બુના વિકાસ મૉડેલની ખાસિયત એ છે કે તેમણે શહેરોમાંથી નહીં પરંતુ ગામડાંમાથી પ્રતિભા ઉછેરવાનો પ્રયાસ કર્યો. તેમણે Zoho Schools of Learning (ઝોહો સ્કૂલ્સ ઑફ લર્નિંગ) નામની ખાસ શાળા શરૂ કરી. જ્યાં ૧૨મી પાસ વિદ્યાર્થીઓને તાલીમ આપી કંપનીમાં કામ સાથે શીખવાની તક આપવામાં આવે છે. વિદ્યાર્થીમાં કુશળતા અને બુદ્ધિનો ચમકારો હોય તો માત્ર ડિગ્રીના આધાર પર તેને નકારી ન કાઢવો એવો અભિગમ રહ્યો છે.

કોરોના પછી જ્યારે મોટા ભાગની કંપનીઓ ''વર્ક ફ્રોમ હોમ'' તરફ વળી, ત્યારે શ્રીધર વેમ્બુએ બીજું જ દૃશ્ય રજૂ કર્યું-''ગામડાંમાં કાર્યાલય'' . તેમણે તામિલનાડુના ***ટેન્કાસી*** જિલ્લામાં ***માથાલામપરાઈ*** જેવા ગામમાં કાર્યાલય જેવી વ્યવસ્થા ઊભી કરી અને એવા યુવાનોને રોજગારી આપી જે શહેર છોડીને ગામડામાં રહેવા ઈચ્છતા હતા - એ સાબિત કરીને બતાવ્યું કે નાનકડાં ગામમાંથી પણ વિશ્વસ્તરીય સૉફ્ટવેર બની શકે. તે માટે જરૂરી છે મજબૂત ઈન્ટરનેટ, દ્રઢ મનોબળ અને યોગ્ય તાલીમ.

ઝોહોનું એક મુખ્યાલય ચેન્નાઈ (ભારત)માં છે તો અન્ય મુખ્યાલય ઑસ્ટીન/ડૅલ વેલી (ટેક્સાસ)માં છે. મહત્ત્વની વાત એ છે કે ઝોહોની કામ કરવાની ફિલસૂફી ''મેટ્રો-કેન્દ્રિત'' નથી, ગામડાં / નાના શહેરોમાં પણ કાર્યસ્થળો ઊભાં કરીને 'રિવર્સ માઈગ્રેશન'ને વેગ આપવાનો તેનો પ્રયાસ - આ જ લેખની મૂળ ભાવના છે.

શ્રીધર વેમ્બુ કહે છે કે મોટા રોકાણકારોનાં નાણાં લેવાથી કંપનીની સ્વતંત્રતા જોખમાઈ જાય છે-એ માટે તેમણે ''ખાનગી રહીને સ્વતંત્ર'' રહેવાનું મહત્ત્વ વારંવાર જણાવ્યું છે. (એજ વાતને સરળ શબ્દોમાં: ''અમે ખાનગી છીએ એટલે લાંબા ગાળાનો નિર્ણય નિર્ભયતાથી લઈ શકીએ.'')

તેમનું જીવન સંદેશ આપે છે કે સફળતા માટે ન્યૂયૉર્ક કે સિલિકોન વેલીમાં જવાની જરૂર નથી; આપણે જ્યાં છીએ ત્યાંથી પણ દેશ માટે યોગદાન આપી શકીએ છીએ. જો દૃષ્ટિ, સમર્પણ અને પ્રામાણિકતા હોય તો શ્રીધર વેમ્બુ અને ઝોહો ભારત માટે ગર્વ છે-જેમ કે ISRO અથવા DRDO. તેઓ ભારતીય યુવાનો માટે પ્રેરણા છે કે ગામડામાં રહીને પણ નવીનતા થઈ શકે છે. ઝોહો માત્ર કંપની નથી-એ એક એવી ક્રાંતિ છે જે બતાવે છે કે વડા પ્રધાનના 'આત્મનિર્ભર ભારત'ના વિચારોને કેવી રીતે સાકાર કરી શકાય.

શ્રીધર વેમ્બુની જીવનયાત્રા પરથી મને સ્વદેશ ફિલ્મ અને શાહરુખ ખાનનો વિદેશમાંથી વતન ભારતમાં સ્થાયી થવાનો સંઘર્ષ યાદ આવ્યો અને ''યે જો દેશ હૈ મેરા'' ગીતની પંક્તિઓ યાદ આવી - ફિલ્મના નાયકની માફક શ્રીધર વેમ્બુએ પડદા પરના જીવનને વાસ્તવિક જીવનમાં અર્થસભર કરી બતાવ્યું. આ સાથે જ શ્રીધર વેમ્બુને લાખ લાખ અભિનંદન આપી હું સ્વપ્ન જોઉં છું કે કોઈ કચ્છી ટેકનૉક્રેટ આવી જ સ્વચ્છ ઊર્જા કે ઈન્ફોર્મેશન ટેકનૉલૉજી જે અન્ય કોઈ કંપની કચ્છના ગામડામાં સ્થાપે અને હજારો કચ્છી યુવાનો માટે ''રિવર્સ માઈગ્રેશન'' શક્ય બનાવે અને કચ્છનાં સૂનાં ફળિયાંઓને ફરી ધમધમતાં કરે.

-ગામ : લુણી
મો.: ૯૮૨૦૫ ૩૫૨૭૧

શ્રી ક.વી.ઓ. સેવા સમાજનું
બિનધંધાદારી મુખપત્ર

સ્થાપના : ૧૯૪૭ વર્ષ : ૭૮

પગદંડી

અંક : ૧૦ જાન્યુઆરી ૨૦૨૬

તંત્રી : અશ્વિન લક્ષ્મીબેન પોપટલાલ માલદે
સંકલન : CA સંજય ચંદનબેન વિસનજી છેડા
મુદ્રક -પ્રકાશક : **શ્રી અશ્વિન પી. માલદે**
પ્રકાશન સ્થળ: શ્રી ક.વી.ઓ. દે. નવી મહાજન વાડી, ઉજે માળે,
૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯.
ફોન નં : ૨૩૭૧ ૪૬૭૪
pagdandi.kvoss.org. - email:pagdandi@kvoss.org
ટાઈપસેટીંગ : **ધીરેન તારાબેન મુરજી ગાલા** (કોટડા(રોહા) - ફોર્ટ)
મોબાઈલ : ૯૮૩૩૫૪૧૦૪૦
મુદ્રણ સ્થાન : **મેઘાર્ટ કલર ક્રાફટર્સ,**
૪૨, આઈડિયલ ઈન્ડ. એસ્ટેટ, સેનાપતિ બાપટ માર્ગ,
લોઅર પરેલ, મુંબઈ -૪૦૦૦૧૩. ફોન : ૨૪૯૨ ૧૯૬૪
-: લવાજમ :-
૧૦ વર્ષ : રૂા. ૧,૦૦૦/- છૂટક નકલ : રૂા. ૧૫/-
ચેક/ડ્રાફ્ટ શ્રી ક.વી.ઓ. સેવા સમાજને નામે લખવા.

''ખારી માની''

✻ વસંત મોંઘીબાઈ ઉમરશી મારુ ✻

''ખારી માની'' - અર્થ અને ઉદ્દેશ્ય

મૃત્યુ માનવજીવનનું સનાતન સત્ય છે. શોકના આ કપરા સમયમાં સગાં-વ્હાલાંની હાજરી માણસને સંભાળે છે. પરંતુ આજના તેજ ગતિના સમયમાં દરેક પાસે સમયનું મર્યાદિત પ્રમાણ છે. મોતના પ્રસંગે જરૂરી વ્યવસ્થા કે સહાય પૂરી પાડવી દરેક માટે શક્ય રહેતું નથી. આવા સમયમાં ''ખારી માની'' જેવી સંવેદનાત્મક પ્રથા વિકસતી ગઈ. આજે મુંબઈ સહિતના લગભગ દરેક કચ્છી વિસ્તારોમાં ખારી માનીની સેવા વ્યવસ્થિત રીતે કાર્યરત છે.

સ્મશાનયાત્રા પરથી પરત ફર્યા પછી નજીકના સગાં દ્વારા મૃતકના કુટુંબને આપવામાં આવતું સાદુ ભોજન એટલે ''ખારી માની''. શોકગ્રસ્ત પરિવારમાં સામાન્ય રીતે રાંધણ બંધ હોય, મન ખાવાથી ફંટાય અને શારીરિક જરૂરિયાતોની અવગણના થતી હોય છે. આ ભોજન એ શોકગ્રસ્તોને જીવનપ્રવાહમાં ફરી જોડાવાની એક નરમ શરૂઆત છે.

કચ્છી ભાષામાં માની એટલી રોટલી અથવા ભોજન. દુઃખના પ્રસંગે લેવાતું હોવાથી તેને ''ખારી માની'' કહેવામાં આવે છે - દુઃખની ખારાશ વચ્ચે શરીરને જીવનમાં ફરી ઊભું રહેવા માટે મળતી પ્રેરણા. મોટા લોકા કહેતાઃ ''ચિતાની આગ હજી ઠરી નથી તો કોળિયા ગળેથી નીચે ન ઊતરે'', છતાં સગાં-સ્નેહીઓ આગ્રહ કરીને ભોજન કરાવતાં - જીવતા રહેવા માટે શરીરને ભાડું આપવું જ પડે એ અર્થમાં.

ઐતિહાસિક પૃષ્ઠભૂમિ - ખીચડીથી ''ખારી માની'' સુધી :

લગભગ સો-દોઢસો વર્ષ પહેલાં કચ્છનાં ગામોમાં કોઈના મૃત્યુ પ્રસંગે આખું ગામ શોક પાળતું. એ દિવસે મૃતકના આંગણામાં મોટો ચૂલો બાંધી તેના પર ખીચડી રંધાતી. ગામજનો પોતાના ઘરેથી થાળી-વાટકા લઈને આવતા, ખીચડી ગ્રહણ કરતા અને પરિવારને માનસિક સાથ આપતા.

ક્યારેક ''માની'' તરીકે બાજરાના રોટલા પણ પીરસાતા. આ ખીચડી-રોટલી આધારિત પરંપરા શહેરોમાં સ્થળાંતર થયા બાદ ''ખારી માની'' તરીકે વિકાસ પામી.

વિધવાઓની વિષમ સ્થિતિ અને પરિવર્તનની શરૂઆત

તે સમયગાળામાં વિધવાઓની સ્થિતિ અત્યંત કઠિન હતી - એક વર્ષ સુધી ખૂણો પાડવો, દીવાલ તરફ મોઢું રાખીને રહેવું. પતિના મોક્ષ માટે સતત પ્રાર્થના કરવી, આયુષ્યભર લસ્સો, મુંડન અને સારા પ્રસંગોમાં ભાગ લેવાની મનાઈ.

સમાજસુધારણાના પ્રયોગો - કોડાય ગામનો યશ

કચ્છની ''કાશી'' તરીકે ગણાતું કોડાય ગામ, અહીં હેમરાજભાઈ વિસરિયાએ દોઢસો વર્ષ પહેલાં અદ્‌ભુત કાર્ય કર્યું. ખારી માની/ખીચડી ભોજન બાદ તરત જ યુવા વિધવાઓને ભણાવવાનું, સીવણ-રાંધણ-ભરતકામ શિખવડાવવાનું શરૂ કર્યું. તે સમય માટે આ પ્રયોગ સામાજિક ક્રાંતિ સમાન હતો.

લગભગ પચાસ વર્ષ પછી તેમની પ્રેરણાથી કોડાયના જ રવજીભાઈ લાલણે કચ્છી સમાજનો પ્રથમ વિધવા વિવાહ કરાવ્યો. જેનો વિરોધ થયો, એમનો બહિષ્કાર થયો, જે ખૂબ જ ખોટું થયું અને અંતે તેમને મદુરાઈ જઈ વસવાટ કરવો પડ્યો.

કચ્છથી મુંબઈ - સંગઠિત સમાજ વ્યવસ્થા

કચ્છમાંથી મુંબઈ સ્થળાંતર વધતા વિસ્તારો મુજબ ''બજારો'' રચાયાં - જેમ કે મઝગાંવ બજાર, પરેલ બજાર વગેરે. આ બજારોના પટેલ તરીકે ઓળખાતા આગેવાનો લગ્ન-મરણ જેવી જવાબદારીઓ સંભાળતા.

તે સમયમાં પડોશીઓ મગ અને રોટલી બનાવી ખારી માનીરૂપે સહકાર આપતા, શહેરના ઝડપી જીવનપ્રવાહમાં લોકો પાસે સમયની અછત વધતા, પરંપરાએ સુવ્યવસ્થિત સેવા પ્રણાલીનું સ્વરૂપ લેવાનું શરૂ કર્યું.

આજના સમયમાં ''ખારી માની'' - સેવાકીય સંગઠનોની ભૂમિકા

આજે મુંબઈના લગભગ દરેક વિસ્તારમાં ખારી માનીની સેવા કાર્યરત છે. માત્ર વ્યક્તિગત જ નહીં, પરંતુ અનેક NGO, સેવાભાવી મંડળો, તેમ જ સ્થાનિક KVO સંસ્થાઓ નાના-મધ્યમ પાયે આ સેવા સતત આપી રહ્યાં છે.

દાતાઓનો ફાળો

- મોટા ભાગની સંસ્થાઓ આ સેવાઓ દાતાઓ પાસેથી મળતા દાન ઉપર ચલાવે છે.
- ઘણા દાતાઓ નિયમિત રીતે દાન આપે છે, કારણકે આ સેવા જીવતા લોકોની માનસિક સ્થિતિ સુધારે છે અને ''સેવા''ના મૂલ્યોને બળ આપે છે.
- મૃતકના પરિવારજનો પણ ઘણી વખત ભાવનારૂપે નાણાકીય ફાળો આપે છે.
- કેટલાંક સંગઠનો નિભાવ ખર્ચ માટે નામમાત્ર ચાર્જીસ(અનુદાન) લે છે - માત્ર ખોરાક બનાવવાની કિંમત અથવા વ્યાવહારિક ખર્ચ સરભર કરવા.

Volunteer System - પરંપરા જાળવનાર અજાણ્યા નાયકો. આ NGO અને કચ્છી સંસ્થાઓના કાર્યકર્તાઓ:

- દરરોજ અથવા દર અઠવાડિયે એકથી વધુ અંતિમવિધિઓ સંભાળે છે.
- વિધિના નિયમો, ક્રમ અને પ્રથાઓની અમૂલ્ય જાણકારી જીવંત રાખે છે.
- પરિવારોને સ્મશાનભૂમિ પર માર્ગદર્શન આપે છે,
- કાગળપત્ર - ડેથ સર્ટિફિકેટ, ફોર્માલિટીઝ, સ્મશાન રજિસ્ટર વગેરેમાં સમન્વય સાધે છે.
- અને શોકગ્રસ્ત લોકોની સૌથી મુશ્કેલ પળોમાં માનસિક આધાર પૂરો પાડે છે.

  આ કાર્યકર્તાઓના કારણે જ પરંપરા માત્ર જીવંત જ નથી, પરંતુ વ્યવસ્થિત અને વિશ્વાસપાત્ર બની છે.

''ખારી માની'' અને અંતિમયાત્રા - વ્યવસ્થિત સેવા પ્રણાલી

મુંબઈમાં અનેક કચ્છી સંસ્થાઓ ખારી માની અને અંતિમવિધિ બંને માટે સંપૂર્ણ વ્યવસ્થા આપે છે.

- ઠાઠડી (મૈયત) બાંધવી
- વિધિ જાણકાર કાર્યકર્તાઓ દ્વારા માર્ગદર્શન

- ✤ કફનથી લઈ એમ્બ્યુલન્સ સુધીની જરૂરિયાતો
- ✤ સૂતરની માળા, ચાકુ જેવી ઝીણી વસ્તુઓ સુધીની વ્યવસ્થા
- ✤ પરિવારને ચક્ષુદાન, ત્વચાદાન કે દેહદાન તરફ પ્રોત્સાહન

આ સેવાઓ શોકગ્રસ્ત પરિવારોને માનસિક રીતે ભારમુક્ત બનાવે છે અને સમાજની એકતાને વધુ મજબૂત કરે છે.

કચ્છી સમાજની આગવી છાપ

કચ્છી સમાજે ખારી માનીને માત્ર પરંપરા નહીં, પરંતુ વ્યવસ્થિત સમાજસેવાનું સ્વરૂપ આપ્યું છે. અન્ય સમાજોમાં મૃત્યુ પછીના ભોજનની પરંપરા હોવા છતાં, કચ્છી સમાજે.

- ✤ તેને સંગઠિત કર્યું.
- ✤ સેવાભાવ ઉમેર્યો.
- ✤ અને તેને દરેક વર્ગ સુધી પહોંચાડીને એક અનોખી ઓળખ ઉભી કરી.

ઉપસંહાર

''ખારી માની'' માત્ર ભોજન નથી - તે શોકમગ્ન પરિવાર માટે એક સંદેશ છે.

જીવન આગળ વધવું જ છે.

દશકાઓથી ચાલતી આ પરંપરા, સેવા, માનવતા, અને સામાજિક એકતાનો આ અદ્‌ભુત સમન્વય છે. આજના સેવાભાવી કાર્યકર્તાઓ, NGO, KVO સંસ્થાઓ અને દાતાઓના કારણે આ પરંપરા માત્ર જળવાઈ જ નથી. પરંતુ નિત્ય નવી ઊર્જા સાથે જીવંત છે. આ વારસો આપણે આગલી પેઢીને પહોંચાડવો જ જોઈએ.

મો. : ૯૭૫૭૪૦૫૮૭૨

Since 2000
100% Pure Vegetarian
श्री गणेश श्री
मिठाई फरसाण बेकरी
Our Products
Bakery & Confectionery • Cakes & Patisserie
Indian Sweets • Hot Farsan
Dry Farsan • Low Calorie Food (Diet Food)
100% PURE JAIN PRODUCTS
3, Minesh Park, Chandavarkar Road, Borivali (W), Mumbai - 400 092
✆ 72 77 88 33 55 / 800 9955 443

આપણા સમાજની પ્રતિભા
જીનાંશ જીનલ વિમેશ હરખચંદ દેઢિયા

સંકલનઃ સૂર્યકાંત અમૃતબેન દામજી કક્કા

એક સમય એવો હતો જ્યારે આપણા સમાજમાં શિક્ષણનું ધોરણ બહુ જ સામાન્ય હતું. બે, ત્રણ કે પાંચ ધોરણ જેટલું શિક્ષણ મેળવ્યા પછી બાળક બાપ-દાદાના ધંધામાં, નોકરી કે ખેતીવાડીમાં પ્રવૃત્ત થઈ જતો. પ્રાથમિક શિક્ષણ પછી બાળક માધ્યમિક શિક્ષણ માટે બહુ ઉત્સાહિત ન હતો. સમય જતા શિક્ષણનું મહત્ત્વ સમજાતાં માતા-પિતા બાળકને ઉચ્ચ શિક્ષણ આપવા માટે પ્રયત્નશીલ થયાં. હાલમાં શિક્ષણના દરેક પ્રવાહમાં રસ લઈ આપણા સમાજની વ્યક્તિઓ મહારત હાંસલ કરી રહી છે. તેની સાથે અન્ય ક્ષેત્રોમાં પોતાનું કૌશલ્ય દાખવી કુટુંબ, ગામ, સમાજ તથા દેશનું નામ રોશન કરી રહ્યા છે. એવી એક પ્રતિભાશાળી વ્યક્તિનો પરિચય અહીં પ્રસ્તુત છે. **જીનાંશ જીનલ વિમેશ હરખચંદ દેઢિયા, પત્રી - મુલુંડ.**

જીનાંશને નાનપણથી અંકો પ્રત્યે ખૂબ જ આકર્ષણ રહ્યું, કોઈપણ વસ્તુ કે જેમાં અંક હોય - જેવી કે રમત કે પઝલ તરફ હંમેશાં તેનો ઝોક રહેતો. શરૂઆતમાં એનાં માતા-પિતાએ માત્ર શીખવા ખાતર જ તેને એબેકસ શિખવવાનું શરૂ કર્યું. સમય જતા તે એમાં બહુ જ ઊંડો રસ લેતો થતાં માતા-પિતાએ એને ઔપચારિક રૂપે એબેકસની તાલીમ આપવાનું શરૂ કર્યું.

‘‘વિમેશનું કહેવું છે કે જે સમયે એની ઉંમરના બાળકો બાળ-સહજ રમતોમાં ઓતપ્રોત રહેતાં તે સમયે પોતાનો મોટા ભાગનો સમય મેન્ટલ મેથ્સની તાલીમમાં વિતાવતો. સમય જતા તે ખૂબ જ કઠોર તાલીમ લેવા લાગ્યો. ત્યાર બાદ વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભાગ લેવા લાગ્યો. એક પછી એક સ્પર્ધા નવા રેકૉર્ડ સાથે જીતતો ગયો. એની ખુશીની કોઈ સીમા નહોતી. જીતને લઈને એણે ક્યારેય પણ ઉલ્લાસમાં આવી જઈ ઉજવણી નથી કરી, કારણકે એનું માનવું છે કે આ તો હજી શરૂઆત છે. મારે હજી લાંબી સફર કાપવાની બાકી છે.’’

જીનાંશ મેન્ટલ મેથ્સ અને મેમરી સ્પોર્ટ્સમાં ૧૧૦ થી વધુ વર્લ્ડ રેકૉર્ડ ધરાવે છે. તેની આ સફર સખત મહેનત, ચોકસાઈ અને તર્કનું પ્રતિબિંબ છે. ૧૪ આંતરરાષ્ટ્રીય મેડલ જીતેલ છે.

જીનાંશે મેળવેલી સિદ્ધિઓ

- ✤ વર્ષ ૨૦૧૫માં વર્લ્ડ મેથ્સ ડે માં ગોલ્ડ મેડલ (વય ૪.૬ વર્ષ) જેને યુનિસેફ અને માઈક્રોસોફ્ટ દ્વારા માન્યતા પ્રાપ્ત છે.
- ✤ વર્ષ ૨૦૧૬માં યુ.એસ.એ. ઑલિમ્પિક્સ અને જર્મની **JMCWC**માં ઓપન કૅટેગરી (સૌથી નાની વય)માં ભારતનું પ્રતિનિધિત્વ કરી પાંચમાં સ્થાને રહ્યો.
- ✤ વર્ષ ૨૦૧૭માં તુર્કી ઓપન ચૅમ્પિયનશિપમાં બે ગોલ્ડ મેડલ, **NBC**ની લિટલ બીગ શોટ્સમાં સ્ટીવ હાર્વી સાથે ફિચર્ડ થયો તથા કચ્છ શક્તિ અને મિડ-ડે નવરત્ન એવૉર્ડથી સન્માનિત થયો.
- ✤ વર્ષ ૨૦૧૮ માં તુર્કી ઓપન ચૅમ્પિયનશિપમાં છ મેડલ સાથે બે ગોલ્ડ કપ મેળવેલ.
- ✤ વર્ષ ૨૦૨૧, ૨૦૨૨ અને ૨૦૨૩માં વર્લ્ડ મેથ્સ ડેમાં ૪ ગોલ્ડ મેડલ મેળવેલ (૩.૫ મિલિયન પ્રતિસ્પર્ધીઓ હતા.)
- ✤ વર્ષ ૨૦૨૨માં જર્મની ખાતે કેલેન્ડર ડેટ્સ સોલ્વિંગના વિશ્વ વિક્રમ.
- ✤ વર્ષ ૨૦૨૩માં શ્રી રતન ટાટા ટ્રસ્ટ દ્વારા સન્માનપત્રથી સન્માનિત.
- ✤ વર્ષ ૨૦૨૩માં ૧૦૮ ટાઈટલ ઈન્ડિયા અને એશિયા બુક રેકૉર્ડ્સમાં સ્થાન અને વર્લ્ડ ઍજ્યુકેશન ગૅમ્સમાં (ઑસ્ટ્રેલિયા) ગોલ્ડ મેડલ.
- ✤ વર્ષ ૨૦૨૫માં ગોવા ખાતે ગ્લોબલ એક્સેલન્સ એવૉર્ડ સાથે સ્પોક્સ પર્સન તરીકે સન્માનિત.

- માત્ર છ વર્ષની ઉંમરે ૫ અંક X ૫ અંકનો ગુણાકાર માત્ર ચાર સેકન્ડમાં કરીને વિલિયમ બીમનને પ્રભાવિત કર્યા.
- ૧૧૦ પ્લસ મેન્ટલ મેથ્સ અને મેમરીમાં વર્લ્ડ રેકૉર્ડ જેમાં માત્ર એક મિનિટમાં ૧૫૪ કેલેન્ડર ડેટ્સ, ૨૦ અંક X ૨૦ અંકનો ગુણાકાર કરેલ છે.

જીનાંશ આજે જ્યાં સ્થિત છે ત્યાં પહોંચવા માટે એણે ઘણો ભોગ આપ્યો છે. સફળતા એને જ મળે છે જે પોતાના લક્ષ્ય પ્રત્યે અડગ, અચલ અને અટલ હોય. કંઈક મેળવવા માટે ઘણું ખોવું પડતું હોય છે. જીનાંશ બાળપણમાં રમવા સાથે સતત પરિશ્રમ કરીને આટલી ભવ્ય સિદ્ધિઓ મેળવી શક્યો. જે સાતત્ય, સમર્પિતતા અને સકારાત્મક અભિગમ સાથે પોતાની સફરની શરૂઆત કરેલ એ જ એને વિશ્વના સૌથી ઝડપી હ્યુમન કેલ્ક્યુલેટર બનવા સુધી લઈ ગયું.

જીનાંશ હાલમાં ૯મા ગ્રેડમાં હોમ સ્કૂલિંગ કરી રહ્યો છે. Hunnarbaaz કલર્સ ટીવી પર પણ ફીચર્ડ થયો છે. ભારતને વૈશ્વિક સ્તરે મેન્ટલ સ્પોર્ટ્સમાં પ્રતિષ્ઠા અપાવવાનું તેનું સ્વપ્નું છે એના માટે યુવા વર્ગને મોટા સ્વપ્ના જોવા અને પોતાનામાં રહેલ ક્ષમતાને ખીલવવા માટે પ્રેરણા અને માર્ગદર્શન આપવું. ACADZOના માધ્યમથી યોગ્ય માર્ગદર્શન આપી રાષ્ટ્રીય સ્તરે પ્રતિભાઓનું સર્જન કરવાની ભાવના છે. આધ્યાત્મિક ગુરુઓ શ્રી શ્રી રવિશંકર, ગુરુદેવ રાકેશજી (SRMD), જ્ઞાનવત્સલ સ્વામીજી (BAPS), રાષ્ટ્ર સંત પરમ ગુરુદેવ નમ્રમુનિજી મ.સા. દ્વારા સન્માનિત, મહારાષ્ટ્ર ગવર્નર ભગતસિંહ કોશ્યારી, સી.એચ. વિદ્યાસાગર રાવ તથા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ દ્વારા સન્માનિત.

જીનાંશ હાલમાં સમાજને કંઈક સારું આપવા માટે અથાગ પરિશ્રમ કરી રહ્યો છે. જીનાંશને આટલી ઊચાઈ પર પહોંચાડવામાં એનાં માતા-પિતાનું મોટું યોગદાન રહેલ છે. ન માત્ર રાષ્ટ્રીય, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે સિદ્ધિઓ મેળવવામાં સમય અને ખર્ચનું યોગ્ય નિયમન કરી તેને તેની લક્ષ્યસિદ્ધિ મેળવવામાં સુંદર સહયોગ આપેલ છે. જીનાંશ ક્રિકેટ, ટેબલ ટેનિસ, વૉલીબૉલ તથા કાર્ડ્સ રમવા ઉપરાંત વિશ્વ મુસાફરીનો શોખ પણ ધરાવે છે.

જીનાંશની આ ભવ્ય સફરમાં એની મમ્મી જીનલની ભૂમિકા ખૂબ જ પ્રશંસનીય રહેલ છે. મુખ્ય કોચ તરીકેનો એનો રોલ બહુ જ સુંદર હતો. તેમ જ CA નવીન લક્ષ્મીબેન ચાંપશી શાહ (નરેડી)ના માર્ગદર્શનનો પણ એક મહત્વપૂર્ણ ભાગ રહ્યો છે.

બેરાજા, મુલુંડ
મો. ૯૩૨૦૧૦૪૩૬૫

આપના ઘરે, ક.વી.ઓ. સેવા સમાજનું માસિક મુખપત્ર પગદંડી ન આવતું હોય, તો ઉપર આપેલ ક્યૂઆર કોડ સ્કેન કરીને અથવા નીચે આપેલ લિંક પર ક્લિક કરી, આજે જ આપનું લવાજમ ભરો.

cutt.ly/pagdandi

સંતોષ-અસંતોષ વચાળે વહેતું જીવન અને આપણે...

પરેશ કેસરબેન ગાંગજી શાહ (નિ:શબ્દ)

સુખનો રોટલો મળે અને શાંતિની ઊંઘ મળે એને જીવનમાં સંતોષ છે (contentment is more appropriate word) એમ કહેવામાં આવતું. આજે સંતોષની વ્યાખ્યા વધુ વ્યાપક, બહુપરિમાણીય અને ગહન બની છે.

શિલ્પકાર ઘણા દિવસોથી એક શિલ્પને કંડારી રહ્યો છે. સ્થાપત્યકળાનું બેનમૂન શિલ્પ જાણે આકાર લઈ રહ્યું છે. એકાગ્રતાથી બનાવેલું શિલ્પ જ્યારે પૂરું થવાની અણી ઉપર છે ત્યારે શિલ્પકાર સંતોષ અનુભવે છે.

એક સુવિખ્યાત કંપની વર્ષોના અનુભવ અને રિસર્ચ બાદ ગ્રાહકોને રોજબરોજની જિંદગી માટે અત્યંત ઉપયોગી પ્રોડક્ટને લોન્ચ કરે છે. દરેક વયગ્રુપની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી બનાવેલું આ પ્રોડક્ટ માર્કેટમાં જબરજસ્ત સફળતા મેળવી પોતાની ઉપયોગિતા સિદ્ધ કરે છે. કંપનીને એ પ્રોડક્ટ વિશેના સેંકડો પૉઝિટિવ અભિપ્રાયો વ્યક્ત થાય છે ત્યારે એવું કહેવાય ગ્રાહકોએ ૧૦૦% સંતોષ અનુભવ્યો છે.

કોઈ બીમાર વ્યક્તિ ઈલાજ માટે હૉસ્પિટલમાં દાખલ થાય છે. વૉર્ડબૉય, નર્સ, ડૉક્ટરથી માંડી હૉસ્પિટલની તમામ સુવિધાઓ સુંદર રીતે ઉપલબ્ધ કરાવવામાં આવે છે. દર્દીને તમામ પ્રકારની સારવાર મળ્યા બાદ હૉસ્પિટલમાંથી રજા મળે છે ત્યારે દર્દી અને કુટુંબીજનો સંતોષ અનુભવે છે.

પર્વતીય પ્રદેશમાં વહેતી નદી ઉપર એક મોટા પાવર જનરેશન પ્રોજેક્ટને પૂરો કરવા એન્જિનિયર ટીમ ખૂબ મહેનત કરે છે. પ્રોજેક્ટ સાઈટ પર કામ કરવું અઘરું છે. પડકારો ઘણા છે. હવામાનમાં આવતા અણધાર્યા ફેરફારો, દુર્ગમ પર્વતીય વિસ્તારો થકી ઉદ્‌ભવતી વિષમ પરિસ્થિતિઓ જેવા અવરોધો પાર કરીને પણ ટીમ આ પ્રોજેક્ટને સમય પર પૂરો કરે છે ત્યારે સંતોષનો શ્વાસ લે છે.

દાદુદાન પ્રતાપદાન ગઢવી ઉર્ફે કવિ 'દાદ'ની રચનામાં જીવનનું તત્ત્વજ્ઞાન સાવ સરળ વાણીમાં પ્રગટ થતું હોવાથી વધુ અસરકારક બની ચિત્તને ઢંઢોળી જાગૃત કરી શકવાનું કૌવત ધરાવે છે. સંતોષ - અસંતોષ વિષે કવિશ્રીની બે જ પંક્તિમાં એવું વર્ણન છે કે વાંચતાંની સાથે સંતોષનો ઓડકાર આવી જાય. પ્રકૃતિને નિમિત્ત બનાવી કવિ 'દાદ' જીવનદર્શન કરાવતાં કહે છે, વિશ્વમાં વૃક્ષ સૌથી સંતોષી છે.

''આ જગતમાં સંતોષી એક ઝાડ,
એક મૂળિયે પાણી પાવ, ત્યાં રાજી સઘળી ડાળ''.

સંતોષ ગરીબ વ્યક્તિને અમીર બનાવી દે છે, અસંતોષ અમીર વ્યક્તિને ગરીબ બનાવી શકે છે.

સુખની વાંચ્છના સહુ કોઈ કરે છે. આવશ્યકતાથી વધુ સુખ પ્રાપ્ત કરવા માટે મનુષ્ય પોતાની જાતને ઘસી નાખે છે. સુખની એષણા ક્યાં અટકવી જોઈએ ? મનુષ્યની ઈચ્છાઓને ક્યારેય

અટકતી જોઈ છે? જેમ આકાશ અનંત છે એમ ઈચ્છાઓ અનંત છે. એક પતે એટલે ફરી નવી જન્મ લે. ઈચ્છાઓના બોજ તળે દબાયેલો મનુષ્ય ઈચ્છાઓને જરૂરિયાતોના સીમાડા ઓળંગીને આગળ વધે ત્યારે સરવાળે પીડા જ મળે છે.

જીવન છે તો જરૂરિયાતોની ભરમાર છે. સવાર પડે ને માણસ ઊઠે ત્યારથી કરી રાતે વાળું કરી થાકીને પથારીમાં પડે ત્યાં સુધી એની જરૂરિયાતો ભૂખ્યા રાક્ષસની જેમ મોં ફાડીને ઊભી હોય. જરૂરિયાતોને લઈને માણસ પરિગ્રહ કરે છે. જરૂરિયાત કરતાં વધુ ભેગું કરવાની ઈચ્છા પ્રબળ બને છે. અપરિગ્રહ જૈન ધર્મનો પાયાનો સિદ્ધાંત છે અને એને અનુસરીને ઓછી જરૂરિયાતો વચાળે પણ પ્રસન્નતાથી જીવવું એનું નામ સંતોષ-સુખ. ઈચ્છાઓ, જરૂરિયાતો, અપેક્ષાઓનો અતિરેક મનુષ્યને દુઃખી બનાવે છે, જ્યારે સંતોષથી છલકાતું જીવન સ્વર્ગ જેવું હોય. એટલે જ કહેવાય છે...

''નથી જોઈતું દરિયા જેવડું સુખ ઈશ્વર,
તુ ખોબે ખોબે આપીશ તોપણ ચાલશે''

સંતોષની પ્રાપ્તિ કે પછી સંતોષની અનુભૂતી એ સંપૂર્ણ રીતે આપણા હાથમાં છે. જો સ્વર્ગને ધરતી પર ઉતારવું હોય તો સંતોષી જીવન પ્રથમ ચરણ બને. એવું નથી કે સંતો, મહંતો, તત્ત્વજ્ઞાનીઓ, ઋષિમુનિઓ કે કેવળજ્ઞાનીઓ જ સંતોષી હોઈ શકે. સામાન્ય જન અસાધારણપણે પણ સંતોષી હોઈ શકે. આ દુનિયામાં સફળ, સંપત્તિવાન કે શક્તિશાળી વ્યક્તિઓ કહેવાતી સફળતા કે પ્રસિદ્ધિ કદાચ ભલે મેળવી લે, પરંતુ મનુષ્યત્વનું સર્વોચ્ચપણું સંતોષી વ્યક્તિ જ મેળવી શકે.

રોજબરોજના જીવનમાં નિજ કર્મને કરતાં રહેવું, કાર્યશીલ રહેવું, કાર્યમગ્ન રહેવું, કાર્ય કરી ફળની અપેક્ષા ન રાખવી એ સંતોષ પ્રાપ્તિથી વિશેષ શું હોઈ શકે? માતા-પિતા સંતાનોનાં ઉછેર અને શિક્ષણ પાછળ આયખું ખર્ચી નાખે. પોતાની પાછલી જિંદગીમાં અપેક્ષારહિત જીવન જીવે એ સંતોષનું સર્વોચ્ચ શિખર. કેડે ભાઈને ઊંચકી તેડીને લઈ જતી મોટી બહેનના ચહેરા પર છલકતા સંતોષને ક્યાં શબ્દોમાં વર્ણાવી શકાય?

અન્યોને મદદરૂપ થવાનો ભાવ માત્ર સંતોષના મૂળને વધુ મજબૂત કરે છે. મોટી ઉંમરના વડીલોને રસ્તો ક્રોસ કરતા જોઈ ગાડી ધીમી કરવી, વડીલોને લાઈનમાં આગળ જવા દેવા, એમને પોતાની સીટ આપી દેવી, વડીલો સાથે બોલચાલમાં છલકાતો આદર... આ સ્વાભાવિક રીતે જીવનમાં આવે તો સંતોષી હોવુ ચોક્કસ કહી શકાય.

નેબરહૂડ, સમાજ, રાષ્ટ્રને ઉપયોગી થવું, સેવાકીય કાર્યો કરવા, સમય કાઢી પરમાર્થનાં કાર્યો આદરવા, સામાજિક જવાબદારીઓનો સ્વૈચ્છિક રીતે સ્વીકાર કરી વહન કરવું, જરૂર પડે ચંદનની જેમ જાતને ઘસી પમરાટ ફેલાવવો એ મનુષ્ય માટે સંતોષ પ્રાપ્તિને મેળવવાની ગુરુચાવી છે.

જીવન મળે છે તો મૃત્યુ નિશ્ચિત છે. મૃત્યુ એ એક ફ્રેમ છે, ચિત્રની ફ્રેમ. એ પહેલેથી જ છે. ફક્ત તમારે એમાં જિંદગીના રંગો પૂરી લેવાના છે. આ રંગો પૂરતા સંતોષ (contentment) અનુભવો.. અનાસક્ત ભાવ અનુભવો... સંતૃપ્તિ અનુભવો... તો તમારું જીવન એક સશક્ત દસ્તાવેજ બની રહેશે.

મોટા આસંબિયા, નિઃશબ્દ
મો. :૯૮૨૦૧૪૫૧૪૩

તૂટેલા મન અને વિખરાયેલા સબંધ

ડૉ. શિરીષ ભાનુમતીબેન ચુનીલાલ માલદે

ભારતીય મહિલા ક્રિકેટ ટીમની વાઈસ કૅપ્ટન સ્મૃતિ મંધાના અને તેના મંગેતર પલાશ મૂછાલના પ્રિવેડિંગ ઈવેન્ટ્સે સોશિયલ મીડિયામાં ધમાલ મચાવી હતી. અલગ અલગ કાર્યક્રમની સાથે મોટા સ્ટેડિયમમાં કરેલા પ્રપોઝલની તસવીર ઘણી પ્રસિદ્ધ થઈ હતી. એક મહિનાની અંદર જ મહિલા ક્રિકેટ વર્લ્ડ કપની જીત પછી સ્મૃતિ માટે બૅક ટુ બૅક આ મોટી લાઈફ ઈવેન્ટ હતી. લાંબા સમયની મિત્રતાને વિવાહમાં ફેરવવા માટે બન્ને આનંદ અને ઉત્સાહથી ભરેલાં હતાં.

પણ લગ્નના એક-બે દિવસ પહેલાં અન્ય સ્ત્રી જોડે પલાશની તથાકથિત અંતરંગ વૉટ્સઍપ ચેટના સ્ક્રીનશોટ જાહેર થયા હતા અને પલાશના ભૂતકાળ માટે હોબાળો મચ્યો હતો. બીમારીનું કારણ બતાવીને લગ્ન પાછળ ઠેલાયાં છે તેવી જાહેરાત થઈ હતી અને છેલ્લે ધારણા પ્રમાણે બે અઠવાડિયા રહીને બંને પાર્ટી તરફથી લગ્ન કૅન્સલ થયાં છે અને સંબંધ ઉપર પૂર્ણવિરામ જાહેર કરાયો હતો.

આમ તો વેવિશાળ થયા પછી અને લગ્ન પહેલાં વિવિધ તબક્કામાં બ્રેકઅપ થવાના કિસ્સાઓ અવારનવાર સામે આવતા રહે છે, પણ આ કિસ્સામાં એક સેલિબ્રિટી કપલ હોવાથી આ વિષય પર બધાનું ધ્યાન વિશેષ ખેંચાયું હતું.

સગાઈ તૂટી જવી (વેવિશાળમાં ભંગાણ પડવું)

ઘણા કિસ્સાઓ કમનસીબે સગાઈ પશ્ચાત ગોલ્ડન પિરિયડમાં ભાંગી પડતા હોય છે. ઘણી બધી બાબતમાં ચીવટ રાખીને સગાઈ થયેલ હોય છે. તે છતાં ઘણાં કારણોસર જાન લગ્નના માંડવા પહેલાં જ યુ-ટર્ન લેતા હોય છે.

રંગ, રૂપ, કદ, કાઠી, ભણતર, વ્યવસાય, કુટુંબ, રહેઠાણ જેવા અનેક ઘટકોમાં એડજસ્ટમેન્ટ કરીને જીવનસાથીનો સ્વીકાર કર્યો હોય, પણ પાછળથી મન ન માનતું હોય તો સંબંધમાં ફેરવિચારણા થતી હોય છે, પણ મોટે ભાગે વૈયક્તિક કારણો ભંગાણ માટે વધુ ભાગ ભજવે છે. નિયમિતરૂપે ફોન પર વાર્તાલાપ કે ચેટ દ્વારા વ્યક્તિના સ્વભાવ, વાચાળતા વિશે વધારે પરિચિત થવાય છે. મુલાકાત દરમિયાન વર્તણૂક દ્વારા પણ પરિચય વધે છે, વિસંગતિઓ સામે આવે છે.

અન્ય કુટુંબીજનો વિશે વિસ્તૃત માહિતીની આપ-લે ક્યારેક અજંપો પેદા કરે છે. રોજની લાંબી વાતચીત ક્યારેક અણગમો પેદા કરે છે. બંને વચ્ચે વાતચીત કેટલી સહજતાથી થાય છે? એકબીજાની કંપનીમાં કેટલું કમ્ફર્ટેબલ ફીલ થાય છે? શું હું આ વ્યક્તિ જોડે આખું જીવન વિતાવી શકીશ? જેવા સવાલોના જવાબ મેળવવા માટે બંને પાત્રો પ્રયત્નશીલ હોય છે. સામાન્ય રીતે વ્યક્તિ પોતાની ઊજળી બાજુ જ સારી રીતે પ્રસ્તુત કરે છે, પણ ક્યારેક કોઈ પ્રસંગે અણધારી રીતે વ્યક્તિનું સાચું સ્વરૂપ સામે આવે છે. શરૂઆતમાં છુપાવેલ મદ્યપાન કે અન્ય ડ્રગ્સનું સેવન કરવાની આદત પણ સામે આવી શકે છે.

તો વળી ક્યારેક ખર્ચ કરવાની વૃત્તિ, ફાઈનાન્સિયલ સ્ટેટસ અને પ્લાનિંગ, માતા-પિતાની જવાબદારી, લગ્ન સમારંભ માટે કેવો-કેટલો ખર્ચ, હનીમૂન માટે સ્થળ પસંદગી, પહેરામણી, દાગીનાની આપ-લે, જેવાં અનેક કારણોસર મતાંતરની ખીણ પહોળી થઈ જાય તો પણ ભંગાણ પડી શકે છે.

જો એક અથવા બન્ને પાર્ટનર પારદર્શિતા દાખવી ભૂતકાળ વિશે ચર્ચા કરે તો પરિપક્વતા દાખવી બન્નેએ નિખાલસપણે સ્વીકાર કરીને આગળ વધવું અને ભવિષ્યમાં ક્યારેક માથાકૂટ થાય ત્યારે પણ તેનો ઉલ્લેખ ટાળવો જેથી વાતનું વતેસર થાય નહીં.

સગાઈ ફોક થવાની ઘટના માનસિક રીતે સંતાપજનક ખરી જ, પણ સાથે સાથે વ્યક્તિના આત્મવિશ્વાસ, આત્મસન્માનને જબરી ઠેસ પહોંચાડી શકે છે. એક રીતે જોઈએ તો સારી બાજુ એ છે કે વિવાહ પશ્ચાત કલેશ નિર્માણ થાય અને છૂટાછેડાની નોબત આવે તે કરતાં સગાઈ તૂટવી એ બધી રીતે ઓછી નુકસાનકર્તા છે.

યુવક-યુવતીઓનો ભૂતકાળ :

આજના સમયમાં જ્યાં સ્કૂલમાં ૮ થી ૧૦ ધોરણનાં બાળકોમાં પણ ગર્લફ્રેન્ડ અને બૉયફ્રેન્ડ બનાવવાનું ચલણ પ્રચલિત છે, લગ્નની ઉંમર વધી ગઈ છે, જોબ ઉપર ઑફિસમાં અનેક છોકરા- છોકરીઓનું એક્સપોઝર મળતું હોય ત્યાં વિવાહમાં જોડાતાં યુવક-યુવતીઓના જીવનમાં લગ્ન પહેલાં આત્મીય સંબંધ ન બન્યા હોય તેવા કિસ્સા જવલ્લે જ જોવા મળશે. હળવાશમાં કહું તો પ્રેમવિવાહ એટલે પોતાના ગર્લફ્રેન્ડ કે બૉયફ્રેન્ડ સાથે વિવાહ.

મોટા ભાગની દરેક વસ્તુમાં વેસ્ટર્ન કલ્ચરનું આંધળું અનુકરણ કરવામાં આપણે માહેર છીએ ત્યારે પોતાના જીવનસાથીના ભૂતકાળને લઈને આપણો ભારતીય સમાજ રૂઢીચુસ્ત જુનવાણી માનસ ધરાવે છે.

શારીરિક આકર્ષણ (ઈન્ફેચ્યુએશન) અથવા ભાવનિક જોડાણથી થયેલ આત્મીય સંબંધો દરેક કપલમાં વિવિધ તબક્કે અને વિવિધ તીવ્રતામાં હોઈ શકે છે. જો પોતાના પ્રિય પાત્ર સાથે વિવાહ શક્ય ન હોય ત્યારે તે સંબંધ પર પૂર્ણવિરામ મૂકી અન્ય સાથીદાર જોડે વિવાહમાં બંધાવું સામાન્ય છે. ભૂતકાળને ભૂંસી શકાતો નથી પણ તેને સમજદારીથી દફનાવી જરૂર શકાય છે.

લગ્ન પહેલાંની મિટિંગમાં એકબીજાનો પરિચય કેળવતી વખતે બંને યુવક અને યુવતીઓએ એકબીજાનાં અભ્યાસ, વ્યવસાય, હોબી અને શોખ, પસંદ-નાપસંદ, ફેવરિટ વૃત્તિ જેવા વિવિધ વિષયોની સાથે ભૂતકાળ વિશે પણ નિખાલસ મને ચર્ચા કરવી હિતાવહ છે.

એકબીજાને હજી પૂરી રીતે પિછાણ્યા ન હોય તેવી વખતે ભૂતકાળના સંબંધોની ઘનિષ્ઠતા કેટલી ડિસક્લોઝ કરવી એ એક અલગ મનોમંથન માગતો વિષય છે. સામેવાળું પાત્ર પરિપકવ હોય તો બધું જ શેર કરીને હળવું થઈ જવું સારું, પણ જો ભૂતકાળમાં કંઈ ખાસ નોંધપાત્ર અથવા ભયજનક ન હોય તો ન બોલ્યામાં નવ ગુણ પણ સારા.

જો એક અથવા બન્ને પાર્ટનર પારદર્શિતા દાખવી ભૂતકાળ વિશે ચર્ચા કરે તો પરિપક્વતા દાખવી બન્નેએ નિખાલસપણે સ્વીકાર કરીને આગળ વધવું અને ભવિષ્યમાં ક્યારેક માથાફકૂટ

થાય ત્યારે પણ તેનો ઉલ્લેખ ટાળવો, જેથી વાતનું વતેસર થાય નહીં.

જો પોતાના પ્રિય પાત્રને ભૂલવું શક્ય ન હોય, તેમની જોડે જ લગ્ન કરવાનો દ્રઢ નિર્ણય લીધો હોય તો માત્ર માતા-પિતા અને કુટુંબીજનોના દબાણને લીધે પસંદ કરેલ પાત્ર જોડે એરેન્જ મૅરેજ કરીને પોતાની અને નિર્દોષ સાથીદારની જિંદગી ન બગાડવી.

જૂના સંબંધમાં બ્રેકઅપ કરીને નવા પાત્ર જોડે વિવાહ બંધનમાં જોડાતાં પહેલાં જૂના સંબંધને પૂર્ણ રીતે દફનાવીને નવા સંબંધમાં વફાદાર રહેવાનો સંકલ્પ કરવો. જો મુગ્ધાવસ્થામાં સંબંધ બંધાયો હોય અને જમાના પ્રમાણે બેફિકરાઈથી ઘણી ડિજિટલ ફૂટ પ્રિન્ટ મૂકી હોય તો તે સર્વેને સંપૂર્ણ રીતે દફન કરવી એટલે આવા બધા જ ફોટા, વીડિયો, સોશિયલ મીડિયા પર મૂકેલી પોસ્ટ, ચેટ બધું જ ડિલિટ કરવું. ડિલિટ કરવાનું મટિરિયલ ઘણું હોય તો એકાઉન્ટ જ એક વખત ડિલિટ કરીને બધું સ્વાહા કરીને નવેસરથી શરૂઆત કરવી.

''સેક્સ'' સાથે એટેચમેન્ટ કાયમ રહે તેવી કોઈ વસ્તુ યાદગીરી તરીકે રાખવાની મૂર્ખાઈ કરવી નહીં, મોબાઈલમાંથી નંબર સુધ્ધા ડિલિટ કરવો. અન્ય નામ પર સેવ કરીને પણ રાખવો નહીં. ફેસબુક પર અનફ્રેન્ડ થઈ જવું અને ઈન્સ્ટા પર ફોલો કરતા બંધ કરી દેવું. ચોરી છૂપીથી તેમનું પ્રોફાઈલ પિક્ચર કે સ્ટેટસ કે સ્ટોરી જોવાની તાલાવેલી રાખવી નહીં. મોબાઈલ કે લૅપટૉપની પીન અથવા પાસવર્ડમાં એક્સના નામ કે બર્થડેટ રાખવા નહીં. 'હવે અમે ફક્ત ફ્રેન્ડ તરીકે સંબંધ રાખશું' એવું સમજીને જાતને છેતરવી નહીં. એક વખત જે વ્યક્તિ જોડે ઘનિષ્ઠ સંબંધ રહ્યો હોય તે વ્યક્તિ પાછળથી ક્યારેય પણ માત્ર મિત્ર બનીને રહી શકે નહીં. માટે આવી વિસ્ફોટક સામગ્રીથી દૂર રહેવામાં જ શાણપણ છે.

ભૂતકાળ હોવો એ ગુનો નથી.

પણ, એ ભૂતકાળને વર્તમાન રીલેશનમાં જીવંત રાખવો એ ગુનો જ નહીં, છેતરપિંડી અને મૂર્ખાઈ છે.

''વો અફસાના જિસે અંજામ તક લાના મુમકીન ન હો, ઉસે એક ખૂબસૂરત મોડ પે છોડના અચ્છા હૈ'' પ્રમાણે જે પ્રણય, વિવાહના ઉંબરઠા સુધી નથી પહોંચતો તેને પરસ્પર સહમતિ અને સમજુતીથી છોડવામાં બંનેનું ડહાપણ છે. ક્યારેક એક્સ તમને કનડગત કરીને છોડતું ન હોય, ધમકી આપતું હોય ત્યારે મક્કમતાથી અને સાવધાનીથી પરિસ્થિતિ સંભાળવી.

વિવાહ પૂર્વે ઘણી અગત્યની બાબતોમાં જો રેડ ફ્લેગ દેખાય અને તેમાં બાંધછોડ કરવાની કોઈ શકયતા જ ન હોય તો કમને બળજબરી થી લગ્નમાં જોડાઈને પોતાના પગ ઉપર હાથે કુહાડો ન મારવો, પણ વોક આઉટ કરતાં પહેલાં સંબંધને બચાવવાના બધા જ પ્રયત્ન કરવા.

૧. પાર્ટનર જોડે વિસ્તૃત મુદ્દાસર ચર્ચા કરીને નિર્ણય જણાવવો. સ્વાભાવિક રીતે જ બંને પક્ષના માતા-પિતા પણ ચર્ચામાં ભાગ લે.

૨. બંને પક્ષોએ જાતે જાહેરાત કરવી ને સૌને નિર્ણય જણાવવો. પરસ્પર સન્માન જાળવીને કોઈના ઉપર દોષારોપણ કરવું નહીં.

૩. સોશિયલ મીડિયાનો ઉપયોગ વિવેકસર કરવો.

૪. આ પરિસ્થિતિમાં પોતાનું માનસિક સંતુલન જાળવવું બહુ અગત્યનું છે. ભાવનાઓ નિયંત્રિત રાખવાનો પ્રયત્ન કરવો. દુઃખ, ક્રોધ, અપરાધીપણાની ભાવના, ભોંઠપ જેવા નકારાત્મક વિચારથી દૂર રહેવું.

૫. મિત્રો, કુટુંબીજનો નો આધાર લઈ શકાય. જરૂર પડે ત્યાં નિસંકોચ પ્રોફેશનલ કાઉન્સેલરની પણ સહાય લેવી.

૬. પોતાનાં ગર્લફ્રેન્ડ / બૉયફ્રેન્ડ સાથે સામાજિક કારણોસર લગ્ન શક્ય ન હોય તો અન્ય વ્યક્તિ જોડે લગ્ન કરીને જૂના સંબંધ પણ ચાલુ રાખવાની જોખમી રમત રમવી નહીં.

૭. આધુનિક સમયની સ્ત્રી, પુરુષ સમોવડી છે. લગ્નવિષયક કઠિન નિર્ણયો લેવા પડે તોપણ સક્ષમ છે અને જૂની માન્યતા અનુસાર માત્ર પુરુષો જ નહીં, સ્ત્રીઓ પણ એક કરતાં વધારે પ્રીતિપાત્ર ધરાવે છે. માટે સંબંધોની ગરિમા જાળવવાની જવાબદારી પણ બંનેની સરખી રહેલી છે.

મો. : ૯૮૬૯૦૩૦૮૦૯

ઓનલાઈન વેચાણ સાથે સ્પર્ધા

✲ વસંત જેઠીબાઈ લીલાધર ગાલા ✲

આવતો સમય નાના અને મધ્યમ વ્યાપાર વાણિજ્ય માટે કપરો હશે એવા સંદેશ ફેલાવતા વીડિયો હાલ સોશિયલ મીડિયામાં ફરી રહ્યા છે જે વિચાર કરવા જેવા છે.

એવું લાગે છે કે સૌ વેપારીઓએ સાવચેતીરૂપે પોતાના ધંધામાં લાંબું વિચાર્યા વિના મોટું વિસ્તરણ કરવું નહિ. જે પણ નવું રોકાણ કરવા નાણાંની સગવડ હોય તે બૅન્કમાં વ્યાજે મૂકી અથવા જમીન, મકાન કે અન્ય રોકાણના ઑપ્શનમાં રોકી, શાંતિ જાળવવી. કદાચ એમાં વધુ આવક ન થાય તોપણ થોડી ઘણી મૂડી સુરક્ષિત સચવાયેલી રહેશે (હાં, ફુગાવાના દર અને ઘટતા વ્યાજના દરને કારણે ત્યાં પણ થોડું ઘણું જોખમ તો રહેશે જ)

હવે ધંધામાં ફક્ત ઉચ્ચ ક્વૉલિટીના માલનું ઉત્પાદન કરી, વ્યાજબી નફા સાથેના ભાવ રાખી, ઓનલાઈન ધંધો કરતી કંપનીઓને પોતાના ઉત્પાદન વેચાણ માટે સોંપવામાં જ વ્યાપારનું હિત રહેશે. છૂટક વેચાણની નાની દુકાનો આ ઓનલાઈન કંપનીઓ સામે સ્પર્ધામાં ઊભી રહેવા માટે સક્ષમ રહેશે નહિ. પોતાની મૂડી અને પોતાની જાતી દેખરેખથી જે ઉત્પાદન અને વેપાર કરશે તેનું જ ધંધામાં સારું ભવિષ્ય છે.

જો કે ભારતમાં રોબોટ તો એટલા વહેલા નહિ આવે. મહેનત માંગી લેતા કામ રહેશે જ. મજૂરી અને પગારનાં ધોરણો ઘણા ઊંચાં થયા છે. નાણામંત્રી પણ મધ્યમ વર્ગની જનતા માટે, એમના વાર્ષિક બજેટમાં ઈન્કમટૅક્સમાં ઘણી

મોટી રાહત આપી, સામાન્ય માણસની ખરીદ શક્તિ સારા પ્રમાણમાં વધે એવી જોગવાઈ કરે જ છે. આજે સૌ કૌટુંબિક તંદુરસ્તી માટે સજાગ થયા છે. તેથી દરેક ખરીદદાર સારી ક્વૉલિટીના માલની માંગ કરે છે. ભાવ બાબત બહુ ચિંતિત નથી.

ઓનલાઈન અને મોલના કલ્ચરમાં નાના છૂટક અને મધ્યમ દુકાનદારોનું ટકવું મુશ્કેલ થશે. અનાજ, કરિયાણું, શાક, ફળ, નાસ્તા, ભોજન, દવા, રેડીમેઈડ કપડાં, રોજિંદી વપરાશની સાબુ, તેલ, શેમ્પૂ, ક્રીમ, મોબાઈલ વગેરે દરેક વસ્તુઓ મોલમાં કે ઓનલાઈન મળી રહે છે. હરીફાઈ એટલી થાય છે કે અમુક ઓનલાઈનવાળા, ઑર્ડર મુજબ, આપને જોઈતો માલ ૧૦ મિનિટમાં આપના ઘેર પહોંચતો કરે છે.

મોલવાળા પોતાના મોલમાં વેચાણ માટેના માલનો સ્ટૉક, માલની ગુણવત્તા, વાજબી ભાવ અને સમયસરની જથ્થાબંધ આપૂર્તિ કરવા સામર્થ્ય વગેરે જેવાં પરિબળો તપાસી, સંતોષકારક જણાય તેવા સશક્ત ઉત્પાદકો સાથે જ કરાર કરે છે. એમના ઉચ્ચ કક્ષાના ગ્રાહકોના બહોળા વર્ગની માંગને સંતોષવા પૂરતો સ્ટૉક જાળવવા માટે વિપુલ પ્રમાણમાં ખરીદી કરે છે. કરાર મુજબ માલ આપનાર સશક્ત ઉત્પાદક કે વ્યાપારીઓ સાથે નાણાકીય વહેવાર પણ પ્રામાણિકતાથી સમયસર ચુકવણી કરી જાળવે છે. આજની યુવા પેઢીને સમયની કિંમત વધુ છે તેથી ઓનલાઈન અને મોલનું કલ્ચર વધતું જાય છે.

હા, એટલું ચોક્કસ કહી શકાય કે દરેક ઘર કંઈ મોલમાંથી ખરીદી ના કરે અને ના ઓનલાઈન માલ મંગાવી શકે. એવા ગ્રાહકો માટે દરેક એરિયાના છૂટક દુકાનદાર વ્યાપારીઓ નૈતિકતાના ધોરણોનું પાલન ચુસ્ત રીતે કરે. માલની ગુણવત્તા તથા એ પ્રમાણોના વાજબી નફા સાથેના ભાવ રાખી, એમના એરિયામાં ગ્રાહકનો વિશ્વાસ જીતી ધંધો કરે એ એમના લાભની વાત બની રહેશે.

આજથી પાંચ/છ દાયકા અગાઉ દુકાનદારો પોતાના એરિયામાં સારા ગ્રાહકોને સાચવવા, પોતાના એક માણસને રોજ સવારે ગ્રાહકોના ઘરે મોકલી ઑર્ડર મેળવી લેતા અને તે પ્રમાણે માલ ઘરે ડિલિવર કરતા. સારી ગુણવત્તા સભર માલ ઘરપહોંચ મળતા જેથી ગ્રાહક સચવાઈ રહેતા. મહિનાની આખરમાં બિલ મોકલી, બીજા મહિનાની શરૂઆતમાં રકમ મેળવી લેતા. આ વ્યવસ્થા બન્ને પક્ષે અનુકૂળ હોતા વ્યવહાર રાજીખુશીથી ચાલતો. સમયના વહેણ સાથે કોઈ અગમ્ય કારણો ને લીધે, એ પ્રથા બંધ થઈ અને ગ્રાહક મહોલ્લાની દુકાનોમાં ફરતો થયો. આજે ગ્રાહક જાગૃત થયો છે. માલની પૌષ્ટિકતા. ગુણવત્તા તથા ટકાઉપણાની ખાતરી કરી ખરીદી કરે છે. સરકારી કાયદાઓ પણ ગ્રાહકની તરફેણ કરે છે.

સમય વર્તે સાવધાન.....

સૌનું ભલું થાય એવી શુભભાવના સાથે

દેવપુર-મુલુંડ

મો.: ૮૪૫૧૦૯૮૬૭૮

દરેક પરિસ્થિતિમાં સારા પાસા જુઓ,
કારણકે અંધકાર પછી સવાર
હંમેશા આવે છે,
ધીરજ રાખો અને વિશ્વાસ રાખો.

સમુર્તા, કમુર્તા

✻ રાજેશ જવેરબેન નરશી સાવલા ✻

કુદરતે બધા દિવસો સરખા બનાવ્યા છે. સૂર્ય સવારના ઊગે છે અને સાંજે અસ્ત થાય છે. થોડી ઘણી વધઘટ સાથે શિયાળો, ઉનાળો અને ચોમાસાની ઋતુઓ પોતાના સમય પ્રમાણે આવે છે, પણ માનવે આ દિવસોને શુભ અને અશુભ દિવસોમાં વહેંચી નાખ્યા છે. વધુમાં આ દિવસને પણ શુભ ચોઘડિયા અને કેટલાક અશુભ ચોઘડિયાંમાં વહેંચી નાખ્યા છે. આજના આધુનિક યુગમાં પણ મોટા ભાગની પ્રજા શુભ-અશુભ સમય, તિથિ, ચોઘડિયાં, મુહૂર્ત પર વિશ્વાસ રાખે છે. લોકો દરેક મામલામાં લાભ મેળવવા અને નુકસાન ટાળવા માગે છે.

સગાઈ અને લગ્નના શુભ મુહૂર્ત કઢાવવા લોકો જ્યોતિષ પાસે જાય છે અને આવા શુભ દિવસો ઘણા ઓછા હોય છે અને તેથી આવા કહેવાતા સારા દિવસોમાં લગ્ન, સગાઈ માટે પડાપડી થાય છે. આનો ફાયદો હૉલવાળા, કેટરર્સ, પંડિત, ફોટોગ્રાફર વગેરે લે છે. આવા દિવસોમાં સામાન્ય કરતાં વધારે ખરચો થાય છે. છતાં લોકો લગ્ન માટે મહિનાઓ કે વર્ષ પહેલાં બુકિંગ કરી લે છે અને તેથી એક દિવસમાં છ કે સાત લગ્ન માટે આમંત્રણ હોય છે અને પછી દરેક લગ્ન પ્રસંગે હાજરી પુરાવવા દોડાદોડી થાય છે.

આપણા દરેકના જીવનની બે મહત્ત્વની ઘટનાઓ હોય છે - જન્મ અને મૃત્યુ. શું આપણે જન્મ માટે કોઈ તારીખ કે સમય પસંદ કરી શકીએ છીએ ? મૃત્યુની તો ખબર જ નથી પડતી. મૃત્યુની તારીખ અને સમય પસંદ કરવો આપણા હાથમાં નથી. અને જો જન્મ અને મૃત્યુ ભાગ્ય નક્કી કરે છે, તો બાકીની ઘટનાઓ માટે મુહૂર્તનો આગ્રહ કેમ રાખવો ?

શું ચોક્કસ મુહૂર્તમાં સગાઈ કે લગ્ન થાય એટલે જીવન સફળ થશે એવી કોઈ ગૅરંટી છે ? શું અમુક કહેવાતા અશુભ દિવસોમાં સગાઈ કે લગ્ન કરીએ તો લગ્નજીવન નિષ્ફળ જાય છે ?

હકીકત એ છે કે સંબંધોની સફળતા સમય અથવા મુહૂર્ત પર આધારિત નથી, પરંતુ સમજદારી, પરસ્પર સમર્પણ, પરિપક્વતા અને સહનશીલતા પર આધારિત છે. સંબંધોને મજબૂત બનાવે છે માણસોની વિચારધારા અને વર્તન, નહીં કે તારીખ કે સમય.

એવી જ રીતે ફ્લૅટ, કાર વગેરે ખરીદી માટે લોકો મુહૂર્તની રાહ જુએ છે. દશેરા અને અક્ષય તૃતીયા જેવા દિવસોમાં લોકો ખરીદી કરે છે અને તે દિવસોમાં ભીડ વધી જાય છે. કંપનીઓ આવા સમયની રાહ જોતી હોય છે અને આ દિવસોમાં ભાવ બહુ ઊંચા રાખે છે, અને પછી સેલના નામે કરોડોની કમાણી કરે છે.

એ જ રીતે, શું શુભ મુહૂર્તમાં શરૂ કરેલો ધંધો ચોક્કસ રીતે સફળ થાય એવી કોઈ ખાતરી છે ? જો વાહનની ડિલિવરી કે કોઈ ખરીદી શુભ દિવસે કરી હોય, તો શું અકસ્માત નહીં જ થાય એવી સંભાવના કેટલી ?

હકીકતમાં, આવી બાબતો મુહૂર્ત કે દિવસ જોઈ નક્કી થતી નથી. ધંધામાં સફળતા આયોજન, સમજદારી, મહેનત અને બજારની રુખ પારખવાની આવડત વગેરે ગુણોથી મળે છે અને મોટા ભાગના અકસ્માતો શુભ-અશુભ દિવસને કારણે નહીં, પરંતુ આપણી પોતાની બેદરકારીને કારણે થાય છે.

મુહૂર્તના નામે બજાર, લોકોની આસ્થાનો વેપાર કરે છે. પરંપરાનો આદર રાખવો યોગ્ય અને જરૂરી છે, પરંતુ પરંપરાના નામે અંધવિશ્વાસનો પ્રોત્સાહન આપવું ખોટું છે. આજના સમયમાં બળજબરીથી તારીખ, સમય, મુહૂર્ત વગેરે લાદવા એ અવ્યવહારુ, તર્કસંગત નહીં અને અયોગ્ય છે. શુભ મૂહુર્ત જ પાળવાનો આગ્રહ ઘણી વાર અનાવશ્યક તણાવ, ખર્ચ અને ગૂંચવણ ઊભાં કરે છે.

પરંપરાને અપનાવો પણ એનું આંખ મીંચીને અનુકરણ કરવું ખોટું છે. શ્રદ્ધા અને સમજ વચ્ચે સંતુલન રાખવું અત્યંત જરૂરી છે. સાચો અભિગમ તો એવો હોવો જોઈએ કે મુહૂર્ત સાચવવા કરતાં એવો નિર્ણય લેવાય જે આપણને અનુકૂળ હોય, અનાવશ્યક ખર્ચ ન થાય, તણાવ ન ઊભો થાય, બધાનો સમય સંભાળી શકાય અને સૌની સહમતિ પણ જળવાઈ રહે.

આ લેખમાં જૂજ ઉદાહરણો લેવામાં આવ્યા છે, પરંતુ આપણે આપણા જીવનમાં પણ ઘણા નિર્ણયો જ્યોતિષ, મુહૂર્ત વગેરેના આધાર પર લેતા હોઈએ છીએ, ત્યારે આ વિષય પર વિચાર કરવો અત્યંત જરૂરી છે.

મો.: ૯૭૬૯૦૦૮૮૧૯

ગાલા ભણસાલી
સ્ટોક બ્રોકર્સ પ્રા. લી.
તરફથી
હાર્દિક શુભેચ્છા

પગદંડીને પત્ર

આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ

ધર્મયાત્રા (હાસ્ય પ્રસંગોપાત)

રવિવારનો દિવસ હતો, તેથી જ શ્રી સંઘે ગુરુદેવના પારણા પ્રસંગે જવા નિ:શુલ્ક બસની સગવડ કરી હતી. સવારના છ કલાકે બસ ઊપડવાની હોવાથી દરેકને સમયસર પહોંચી આવવા જણાવાયું હતું. હું પણ વહેલી ઊઠી બસના ઊપડવાની જગ્યાએ પહોંચી. મને થયું રવિવારની રજાના દિવસે ઘણી વહુઆરી (યંગસ્ટર કે નાની) બહેનો પણ એમાં ભાગ લેશે, પરંતુ ત્યાં જઈને જોયુ. તો બધી જ વયસ્ક (આધેડ) મોટી ઉંમરની મહિલાઓ હતી. બસ સમયસર આવી પહોંચી, જે ખૂબ જ મોટી હતી અને એમાં ચઢવાના પગથિયાં એક થી દોઢ ફૂટ જેટલા ઊંચા હતા. મને થયું આ આધેડ બહેનો કેવી રીતે ચઢી શકશે. કોઈ ઈંટ કે મોટો પથ્થર રાખી તેના પરથી ચઢવામાં સરળતા રહેશે, એમ વિચારી આમ તેમ નજર ફેરવવા લાગી. આવી ચિંતા કરનારી હું એક જ ન હતી. બસનો ડ્રાઈવર અને હેલ્પર પણ એમ જ વિચારી રહ્યા હતા અને એ હેલ્પર બસમાંથી કોઈ સાધન લેવા અંદર ગયો, પરંતુ આ શું ! બધી સ્ત્રીઓ આટલા ઊંચા દરવાજામાં ટપોટપ ઉપર ચઢતી ગઈ. ઉપાશ્રયમાં ખુરશી વગર બેસે નહીં. એમના ગોઠણના દર્દ અચાનક ગાયબ થઈ ગયા. જગ્યા મેળવવાની લાયમાં દોઢ ફૂટનો પગથીયા ચઢી જતાં વાર ન લાગી. બિચારો બસનો હેલ્પર પાટલો લાવ્યો ત્યારે અમારા જેવા બે-ત્રણ જણ જ બાકી રહ્યાં હતાં.

બધી જગ્યાઓ રોકાઈ જતા અમે જ છેલ્લા રહ્યાં હતાં અમે છેલ્લે જઈ બેઠાં. બસ ઉપાડવાની જય બોલાવવાની તસદી ન લેતાં બધી બહેનો મોબાઈલ જોવામાં લાગી ગઈ. બસ ઊપડી, હું બારીની સીટ પાસે બેસી વિચારવા લાગી, આ બધી મહિલાઓના ઘરે દીકરાઓ અને પોત્ર-પોત્રીઓ તો હશે જ. ઉપરથી સંઘે રવિવારના દિવસે આવો ગુરુદેવની તપસ્યાની અનુમોદનાનો પ્રસંગ ગોઠવ્યો હોવા છતાં કોઈએ બાળકોને લાવવાની તસદી લીધી ન હતી. જ્યારે વડીલો જ પોતાના બાળકોને ધર્મનું જ્ઞાન નહીં આપે, એમની આંગળી પકડી દેરાસરો - ઉપાશ્રયો - દેવાલયોમાં નહી લઈ જાય તો આવનારી પેઢીમાં ધર્મના સંસ્કાર કેવી રીતે આવશે ?

આ જગ્યાએ જો કોઈ ક્લાસીસ એટેન્ડ કરવા હોય તો બાળકોને પરાણે પાંચ વાગે ઉઠાડી મોકલવામાં આવે છે. મારા વિચારોની સાથે બસની ગતિ પણ ચાલતી રહી અને ગંતવ્ય સ્થળ આવી ગયું. પારણા મહોત્સવના હોલ પર શ્રી સંઘે સુંદર નવકારશી કરાવી, તપના પારણે ગુરુદેવમાં કેવી શાતા હતી અને શ્રાવક-શ્રાવિકાઓ માટે ભરપેટ ભોજન, અહો આશ્ચર્ય !

બપોરના બે વાગે પેટ ભરી વ્યંજનો આરોગી સાથે પ્રભાવનાનો ઉપહાર મેળવી બધા બસમાં ગોઠવાયા. થોડી આગળ જતા બસનાં પૈડાંમાં પંક્ચર થયું. એમાં સારો એવો સમય વડેફાયો. સંઘના સંચાલકોને થયું ચૌવિહાર કરવામાં મોડું થઈ જશે, એમ વિચારી હાઈવે પર જે મળે એ લાવી આપી ચૌવિહારમાં બાધા ન પડે એવું કરીએ અને અલગ અલગ નાસ્તાનાં પડીકાં લઈ આવ્યા. જેમાં ધ્યાન ન રહેતા એક પડીકામાં રહેલા નાસ્તામાં કાંદા-લસણના મિશ્રણવાળું આવી ગયું. હતું. આ જાણવા

છતાં ઘણી સ્ત્રીઓ ફટાફટ આ પડીકાઓ લઈ. બૅગમાં સરકાવી દીધા અને ઘણી સ્ત્રીઓ જોવા લાગી, 'તો શું થયું. બહાર જઈએ ત્યારે આગાર તો રાખવું પડે, એ તો ચાલે'. આ સાંભળી મને નવાઈ લાગી. અરે! તમે પર્યટનમાં આવ્યા છો કે ધર્મના કાર્યક્રમમાં. આ એજ સ્ત્રીઓ હતી જે પ્રતિક્રમણ કરતી વખતે છઠ્ઠા ખામણામાં બોલતી હોય છે કે શ્રાવકો કેવા હોય છે. ધર્મનો રંગ જેમના રોમરોમમાં હોય છે. કોઈના ડગાવ્યા ડગે નહી.... ફક્ત બોલવા માટે બોલો છો અને જીવનમાં કંઈ નહીં ઉતારવાનું.

સૌથી મહત્ત્વની વાત તો એ હતી કે આખી બસમાં કોઈને પણ ચોવિહાર હતું જ નહી આવી હતી આ ધર્મયાત્રા.

ગીતા અમૃતબેન નાનજી સત્રા

ગુંદાલા

પ્રતિભાવ - પ્રતિસાદ

આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ

પગદંડી ડિસેમ્બર ૨૦૨૫ અંક

પગદંડીના ડિસેમ્બર ૨૦૨૫ના અંકમાં પ્રમુખ સાહેબ ડૉ. ચંદ્રકાંત લાલન દ્વારા લેખિત Gen-z વિષેના લેખમાં એમણે બહુ સુંદર મજાની છણાવટ કરી. સત્તાલાલચુ વિપક્ષના નેતા કેવી રીતે પ્રજાને ગુમરાહ કરીને દેશમાં પોતાના હિત માટે, વિદેશીઓના સ્વાર્થ માટે આ સરકારને ઉથલાવવા પૂરી તાકાત લગાવે છે, એ વાત બહુ ગંભીર છે.

લીલાધરભાઈ ગડા - અધા લેખિત 'પગમેં ભમરી'માં બહુ સુંદર મજાની માહિતી અધા દ્વારા આપી છે. ગરીબોના મસીહા એવાં અધાની માનવસેવાની કામગીરી લગભગ સત્તર-અઢાર વર્ષ પહેલાં મેં પ્રત્યક્ષ નજીકથી નિહાળી છે. એ સમયે ભચાઉ વાગડ વેલ્ફર હોસ્પિટલમાંમાં મારા પિતાશ્રીને દાખલ કર્યા હતા. આ ઉંમરે પણ એ વડીલ નિઃસ્વાર્થ ભાવે બહુ ઉમદા કામગીરી બજાવે છે.

ડૉ. શિરિષભાઈનો લેખ કોરી આંખનાં આંસુમાં પુરુષોને વેઠવી પડતી વિટંબણાનો ખૂબ જ વિસ્તારપૂર્વક ઉલ્લેખ કર્યો એ બદલ ડૉક્ટર સાહેબનો આભાર. આવા જ પરિવારલક્ષી લેખ પિરસતા રહો એવી મંગલ કામના.

તંત્રીલેખ 'સોટી વાગે ચમચમ' વાંચ્યો. લેખ ગમ્યો. આજનાં વિદ્યાર્થીઓ શિક્ષકોનો માન-મરતબો જાળવતા નથી. પહેલાંના સમયમાં શિક્ષણ પ્રત્યે આદર હતો જે હવે નહિવત્ રહ્યો છે. બીજું, શિક્ષણ હવે એક ધંધો થઈ ગયો છે. પહેલાંના સમયમાં સરકારી સ્કૂલોમાં અભ્યાસ અને માતૃભાષાને પ્રાધાન્ય આપવામાં આવતું. હવે સૌને પોતાના બાળકને સારી અંગ્રેજી શાળામાં દાખલ કરીને પોતાનું સ્ટેટસ બતાવવાનું છે. શિક્ષકો પણ સરકારી કાયદા મુજબ બહુ શિક્ષા કરે તો આજની પ્રજા એનો ખોટો અર્થ કાઢીને અને છોકરાઓને ખોટું પ્રોત્સાહન આપી શિક્ષણના પાયાને ખોખલું બનાવી રહ્યા છે. સૌ વાલીઓએ વિચારવું જોઈએ કે છોકરાના શિક્ષણના પાયામાં થોડી શિસ્ત અને થોડી કડકાઈ હશે તો જ છાત્રોનું ભવિષ્ય ઉજ્જવળ થશે.

હિતેશ લક્ષ્મીબેન ખીમજી વિસરિયા

ગઢશીશા

ઊર્મિલહર

સંપાદક : વિશન પાનબાઈ દેવરાજ નાગડા

મિઠા,

ગે મેણે પાં 'વસન' શબ્દ જી ગાલ કિઈ. 'વસન' ત જુનૂં ને જાણીતો શબ્દ. તેંજા પાં અરથ કઢ્યાઃ (૧) આદત, (૨) ટેવ, (૩) છટો પણ, (૪) નાડ, (૫) છટો જેંડા શબ્દ ઘણેંલા નવાઈભર્યા વા! વસન નૂં ઈગીયા નજર વિજોંત ઠેઠ પર્યા વિઞીને 'વડ' શબ્દ ઉભો આય.

(૧)વડ (પું) - વડ, વડલો (m.) Banyan Tree

(વાક્ય) આંકે વડ નેરણાં વેં ત હલૉ કાંઢાગરે જે બુંભમેં!

વડ જો નાલો અચે ને કબીરવડ ન સંભરે એંડો ભને ??

(૨)વડ પું (લા.) કુટુંબ માટે ઓથ સમાન વડિલ જેમ કે પરદાદા (m.) great grand father

(વાક્ય) રવજીડાડા ત અસાંજે કુંટમજા વડ અંઈ.

(૩)વડ (પુ.) સમકક્ષ, સમાન ખાનદાનવાળું (m.) having same level of dignity

(વાક્ય) વૅર ને પ્રીત જુકો વડ વે તેંસેં થીયે.

ચૉવક

વડ વૃક્ષ આય ઈ ત સચો પણ વડ જી ઉચ્ચતા ને વિશાળતા ઈનકે બ્યા લાક્ષણિક અર્થ પણ ડેરાયતી.

પનપટી : વડ જી ગાલ ક્યૂં ને ડાડો મેકણ ન સંભરેં સે કીં ભને ?

ડાડો મેકણ ચેં તા,

''ગુજારથ જયૂ ગાલિયૂં વધીને વડ થિઈયૂં,
ચકે માડૂએ ન પૂછઈયૂં, ન મૂં કેંકે ચિઈયૂં''

(વીતકની વાતો અંદરોઅંદર વધીને વડલો થઈ ગઈ. સારા - યોગ્ય માણસોએ મને એ વિષે કદી કંઈ પૂછ્યું નહિં, મેં પણ કોઈ આગળ હૈયું ખોલ્યું નહિ હૃદય ખાલી કર્યું નહિ !

ભલેં તડેં અચીજા!

- આંજો વિશન
૯૮૨૦૪૫૬૮૯૯

• • • • • • • • • • • • • • • • • • • •

ગાલ કર !

કાં ધરધ, કાં જાર, ધિલમેં ધાગ વૅ ત ગાલ કર!
કાં ત બરંધલ મ્યાં વિરાણું ભાગ વૅ ત ગાલ કર !

લિખ ભસમ મખીયેં કિપારેં તેં, કુરો તેંસે થીએં?
ઠેઠ અંધર આગ જેંડી આગ વૅ ત ગાલ કર !

સંઘ કાસી કૅર પુજંધો? કૅર ! સે બેંકે મ પુછ,
પિંઢકે કઢંધે અચીંધો માગ વૅ ત ગાલ કર !

કાં ત વિઞ સંકર ભને જી ગાલ તા ઉતરી નિપટ.
કાં તિકી ધરિયો ગિડે તૂં તાગ વૅ ત ગાલ કર !

માન નેં સનમાન ભેર્યું અંઈ ભરીયું કઈ ભોછ જ્યું,
સિર મથો ડિઈને બધાણી પાઘ તેં વ ગાલ કર !!

- ડૉ. વિશન નાગડા

ગઝલ - થયું

અચાનક તાર બારણે આવવાનું થયું,
હતી મહેફીલ સુમસામ તોય બેસવાનું થયું.

ઘણા સંબંધોની આડમાં અટવાયો હતો,
તારું વળગણ મળ્યું સૌથી છૂટવાનું થયું.

કોઈની પીડાને પરખવાની કોશીશ કરી,
સૌ નિરાશાઓ વચ્ચે જીવન જીવવાનું થયું.

હું કોણ? પ્રશ્નોના જવાબ શોધવા ભટક્યો,
સૌથી અધાનું સ્વમાં સરકવાનું થયું.

બેઉ હાથે બંધાઈ ગયો હતો ત્યારે,
મક્કમ મને કીડીયારું પૂરવાનું થયું.

- લીલાધર હાંસબાઈ માણેક ગડા, ''અધા''

• •

''इच्छा''

इच्छा कहाँ अपने मुकाम पर रुक जाती है,
वो तो जीवन जीने का ढंग भी चूक जाती है।

रंग बदलती है हर मुकाम पर वो देखो!
फिर झूठी शान के लिये प्रभु चरण भी झुक जाती है।

इच्छा और पाने को ऐसी आग लगाती है,
जो जीवन के अंत तक कहाँ बुझ पाती है।

कौन तृप्त है आज इस जहाँ में देखो ?
मंदिर में भी वो और 'दो' के गीत गाती है।

इच्छा कहाँ यहाँ संतोष में समाती है,
पद प्रतिष्ठा दौलत की भूख और बढ़ाती है।

घुमाती है अँधेरे में यहाँ वहाँ भटकाती है,
फिर समझ के दिये की रोशनी वो कहाँ जलाती है?

इच्छा लाभ की लाली लगाकर खुदको सजाती है,
आओ मेरे पास आओ हर मन को समझाती है।

इसकी न कोई जात न कोई जाती है,
उसको पानेको ईन्साँ से कुछ भी करवाती है।

इच्छा सोने कहाँ देती रात भर जगाती है,
करवटें बदल-बदल कर रोज तड़पाती है।

हरदम ये करो वो करो के पाठ पढ़ाती है,
चिता मुर्दे को जलाती है इच्छा ज़िंदे को खाती है।

अब चली जा मुझसे दूर मुझे आत्मा से मिलना है,
तेरे रेगिस्तान की रेत में फूल बनकर खिलना है।

तु झूठी प्यास मत बन भौतिकता की खातिर,
अब सुख की वर्षा के लिये मूझे अकेले ही चलना है।

तू महारोग की भी महारोग,
इतिहास साक्षी है कितने लिये भोग?

फना कर दिए सबको मिठ्ठी में मिलाकर,
फिर भी क्यूँ? तेरे पीछे ये दुनिया के लोग ?
ये कैसी है अदा तेरी सब तेरे आये,
धर्मने समझाया फिर भी वो समझ ना पाये।

तेरी चिंता में ही जल गई सबजन की चिंता,
लौटे जब घर तो खाली हाथ भर राख लाये।

बस यही चीज देने की तेरे पास शक्ति है,
इससे ज्यादा और तू क्या दे सकती है?

फिर भू मूर्ख भागे काबा-काशी तक,
मैं देखूँ, अब वहाँ पर भी सिर्फ तुझे पाने की भक्ति है।

कितने युद्ध किये तूने कितनी खाई ठोकर,
फिर भी सीख न पाया मूर्ख तू सबकुछ खोकर।

आखिर जोकर बना दिया तुझको तेरा,
वो मालिक बन गई तेरी अब रहना बनके नौकर।

પ્રવીણ જવેરબેન દામજી ગોગરી (પ્રેમ) -
દહિંસર - ફોન : ૨૮૯૫ ૩૪૫૯

પાંજે વિચમેં

બૉરી વડી આય ખાઈ, પાંજે વિચમેં,
કેર અડે વ્યો અડેખાઈ, પાંજે વિચમેં ?

મિલકત તાં પાં વકીલ રખી વિરાય ગિડી,
હાંણે રખંધો કેર અધા-બાઈ? પાંજે વિચમેં ?

ડીંયાંડીં સાવ સસ્તો થીંધો વિઝેંતો માડૂ,
બૉરી જ આય હરીફાઈ, પાંજે વિચમેં ?

અફવાકે ત યાર ઉડંધે પ અચેંતો,
ગૂડેંસેં ઘિસરેંતી સચાઈ, પાંજે વિચમેં ?

નિત નિત નાં નાં તૂં રડ પ્યો કરીયેં,
થૂડીક રખજેં સાધાઈ, પાંજે વિચમેં ?

- **દિપક નંદા**

(નોંધ વર્ષ ૨૦૨૪ જો શ્રેષ્ઠ કચ્છી પદ્ય પુસ્તક સર્જનજો - શ્રીમતી તારામતી વિશનજી ગાલા પારિતોષિક પ્રાપ્ત કરીંધલ કવિ)

• • • • • • • • • • • • • • •

લાગણીયેંજા બુટ

અખીયેં રડીન સૉણાં સારેતો,
ધિલજે જાંપે ટકોરા મારેતો.

થિઈ પ્રેમમેં અંધો ભીંગારો,
પુરાજી ફુલમેં, પિંઢકે ગારેતો.

ફુગાઈ પાણીમેં ટારજો પન,
પખી કીડીબાઈ કે ત તારેતો.

કરીએં વડર ઠકા, વિજ નાચ,
મોર પખેંજો વિંજણો ઢારેતો.

વલી લગૅ પધ પ્રતિષ્ઠા જૅંકે,
ઘર ગ્યા ધૉરા હાથી પારેતો.

નાંય કો ડિસ, આડસુજો પીર,
રુગા ગાલીયેંજા વગ ચારેતો.

સુણી તૉજી મૂંજી, કચેં કનેજો,
'કુસુમ' લાગણીયેંજા બુટ બારેતો.

- **કુસુમ ગાલા...'કુસુમ'** ભોજાય... મુલુંડ

મહેફિલ
(સંપાદક : મણિલાલલ ડી. રૂઘાણી રાણાવાવ)

ચંદ્રમા ચાંદનીથી છેડો ફાડી રહ્યો છે,
જાણે સૂર્યદેવને આપેલ વચન પાળી રહ્યો છે,
ખેતરના પાક છોડ ગેલમાં આવી ડોલી રહ્યો છે,
જાણે સ્વતંત્ર થવાના સમાચાર એમને મળી ગયા છે.
(રાયપુર) - હરીશભાઈ કોટક

ભર્યું ભર્યું નગર ભળાય આપને મળ્યા પછી
મહક મહક હવા જણાય આપને મળ્યા પછી
ખુશ રહું રાત દિન આપનું નામ લઈને
મિલન મિલન અનુભવાય આપને મળ્યા પછી
(ભાવનગર) - પ્રવીણભાઈ પૌંદા - 'ચાંદ'

કોઈની વ્યથા મહી કાવ્ય પંક્તિ બની જાય
ક્યારેક દુઃખ મહી જીવન બદલાઈ જાય
આ સુખ દુઃખના વાદળો ક્યારેક વરસી જાય
રાખીયે ઈસ પર ભરોશો આ જીવન બદલી જાય
(ભુજ) - શ્રી દિલીપભાઈ આચાર્ય 'દિલકસ'

પુરાણી છે ગાથા પણ નવજાત લખી નાખું છું,
લખવાની તો હતી ગઝલ - ગીત લખી નાખું છું
અઢી અક્ષર સાહી છે જિંદગીમાં પ્રેમના
આ લખ્યું છે એણે બહુ ઉંચિત લખી નાખ્યું છે
(ગારીયાધાર) - જગદીશ ગોહેલ 'દોસ્ત'

• • • • • • • • • • • • • • •

માણ્યો તાં મિંજ પિઈ, માણે ગિનો 'તેજ'
ભાકી સાંયરવટસ લેરિયેંજા લેખા ન વેં.

'તેજ' ઈ સે જ ચેં તા, સે જ ચેંતા,
જુકો ધરધ વંસીજો વેજ ચેતા વેજ ચેંતા.
- કવિ 'તેજ'

શ્રીમતી તારામતી વિસનજી ગાલા
કલા સાહિત્ય પુરસ્કાર
: અહેવાલ :

રવિવાર, ૭ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ શ્રીમતી તારામતી વિશનજી ગાલા કલા સાહિત્ય પુરસ્કાર સમિતિ દ્વારા યોજાયેલ કાર્યક્રમમાં સ્વ. વિશનજીભાઈ ગાલાના પુત્ર અને એવોર્ડ સમિતિના સભ્ય કિરીટભાઈ ગાલાએ

વર્ષ ૨૦૦૩થી આરંભ કરાયેલા કલા સાહિત્ય પુરસ્કારની વિગતો આપી. કચ્છી ભાષા અને સાહિત્ય માટે કંઈક કરી શકાયાનો આનંદ વ્યક્ત કર્યો. આ અવસરે એવોર્ડના મુખ્ય પ્રાયોજક શ્રીમતી તારામતી વિશનજી ગાલાએ ખાસ ઉપસ્થિત રહી વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા. ક.વી.ઓ. સેવા સમાજના પ્રમુખ ડૉ. ચંદ્રકાંત લાલને પોતાના સ્વાગત પ્રવચનમાં કચ્છી-ગુજરાતી ભાષા, કલા અને સંસ્કૃતિના જતન વિકાસના ઉત્સવ સમાન લેખાવતાં આ એવોર્ડ વિતરણમાં ક.વી.ઓ. સેવા સમાજ પણ સાથે જોડાયાની વિગતો આપી. સંસ્થાના ઉપપ્રમુખ બિમલભાઈ વોરાએ આભાર વ્યક્ત કર્યો. એવોર્ડ પસંદગી સમિતિના સભ્યો તરીકે ડૉ. વિશન નાગડા, રવિ પેથાણી 'તિમિર'તથા લક્ષ્મીચંદ ગોગરીએ સેવા આપી. કન્વીનર રાજેશભાઈ છેડાએ આયોજન સંભાળ્યું.

આ વર્ષે કાર્યક્રમ સંયુક્ત સ્વરૂપે - બે વર્ષના એવોર્ડ સાથે ભવ્ય રીતે ઊજવાયો. આ કાર્યક્રમમાં ૬ વ્યક્તિવિશેષનું સન્માન કરવામાં આવ્યું અને એમને માનપત્ર, શાલ, ચેક અને તાળીઓના ગડગડાટ સાથે નવાજવામાં આવ્યા.

❀ **વર્ષ ૨૦૨૫ના છ વિજેતાઓનો પરિચય**

(૧) આશાનંદ સુરાભાઈ ગઢવી - ચારણી અને કચ્છી સાહિત્ય સંશોધન ક્ષેત્રે આજીવન પ્રદાન માટે

વર્ષોથી કવિતા, ગીત, પ્રહસન, લોકસાહિત્ય, ધાર્મિક કાવ્યો, કચ્છી-ગુજરાતી બંને ભાષામાં સર્જનની અવિરત સેવા આપે છે. ચારણી પુનશી જીવન કવન, દુહો અસાંજે દેશજો વગેરે પુસ્તકો દ્વારા સાહિત્યિક જગતમાં આગવી ઓળખ ઊભી કરી છે. ગાયનની સાથે વક્તા અને આયોજક તરીકે પણ સમાજકાર્યમાં સક્રિય રહ્યા છે.

(૨) દીપક નારાણજી નંદા - કચ્છી કાવ્યસંગ્રહ 'વલ' (૨૦૨૪) માટે

કચ્છના વતનનો વિયોગ અને મુંબઈના જીવનસંગ્રામના સંગમમાંથી ઊપજતી તેમની કવિતાઓ છેલ્લા બે દાયકાથી લખાતી આવી છે. વર્ષ ૨૦૨૪માં આ ભાવપ્રવાહ ''વલ'' નામે ગ્રંથરૂપે પ્રકાશિત થયો. કચ્છી ભાષા, સંવેદનશીલ અભિવ્યક્તિ અને સચોટ શબ્દકળા માટે તેમની કવિતા વાચકોને સ્પર્શે છે.

(૩) નરેશ પ્રદ્યુમ્નરાય અંતાણી - ગુજરાતી ભાષાના ઈતિહાસ-સંશોધન માટે

કચ્છ-ગુજરાતના ઈતિહાસ, પુરાતત્ત્વ અને ધરોહર વિષય પર ૧૪૦૦થી વધુ લેખો તેમ જ ''અતીતમાં અવગાહન'', ''કચ્છ-સમયના દર્પણમાં'', ''ધરોહર'', ઈતિહાસના અજ્ઞાત ચહેરા'' જેવાં ૧૩થી વધુ પુસ્તકો એમની વિદ્યાસેવાનું પ્રતિબિંબ છે. સંશોધક, સંપાદક અને માર્ગદર્શક તરીકે લાંબી કારકિર્દી ધરાવે છે.

(૪) હસમુખ દયારામ અબોટી 'ચંદન' - વર્ષ ૨૦૨૩ના કચ્છી પુસ્તક 'ગાજુસ' માટે

શૈક્ષણિક સેવાઓ સાથે સાહિત્યસર્જન, લોકકલા, ભાષાઅભ્યાસ પ્રવૃત્તિઓમાં સક્રિય. તેઓના ધરીઆ જા ભીડા, દરિયાની વાટે વાટે, હુડિયો કોઠો, સાગરનો સાદ, દરિયાની દીકરી, ગાજુસ, એવાં કુલ આઠ પુસ્તકોએ કચ્છી / ગુજરાતી ભાષાની સમૃદ્ધિ વધારી.

(૫) જયસુખ ધનજીભાઈ પારેખ ''સુમન'' - ફોટોગ્રાફી (કલા) ક્ષેત્રે યોગદાન માટે

વર્ષોથી વન્યજીવ, લોકસંસ્કૃતિ, ભૂદૃશ્યો અને સમુદ્રજીવનની ક્ષણોને તેમણે કૅમેરામાં કેદ કરી છે. 'સ્પાઈનિ ટેલ્ડ લિઝર્ડ', 'ટર્ટલ', પક્ષીજીવન અને કચ્છ-પ્રકૃતિના અદ્‌ભુત ફોટોગ્રાફ માટે જાણીતા છે. અનેક રાષ્ટ્રીય-પ્રાદેશિક સ્પર્ધાઓમાં પુરસ્કૃત.

(૬) શ્રીમતી સોનાલી પંકજ ગડા - ગાયન-કલા ક્ષેત્રે યોગદાન માટે

બાળપણથી સંગીતની તાલીમ પ્રાપ્ત કરી, ગુજરાત-કચ્છનાં પરંપરાગત ગીતો, ભજન, સુગમ સંગીત અને લોકસંગીત ક્ષેત્રે અવિરત સેવા. મીઠો અવાજ અને અભિવ્યક્તિના કારણે અનેક મંચો પર પ્રશંસા મેળવી છે. સમાજના કાર્યક્રમોમાં સ્વૈચ્છિક રીતે સંગીતસેવા આપે છે.

❁ કાર્યક્રમની રૂપરેખા અને વિશેષતાઓ

- ✧ **આગમન અને પરંપરાગત સ્વાગત** : સાંજે ૪ વાગ્યાથી જ લોકો આવવા લાગ્યા. કચ્છી વીસા ઓસવાલ સેવા સમાજની પરંપરા મુજબ મહેમાનોનું કંકુ-તિલક કરીને તથા ગોળ-પાપડી આપીને સન્માનપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું.
- ✧ **મિલન અને સાહિત્યિક મેળાવળો :** ૪.૩૦ થી ૫.૦૦ દરમિયાન મહેમાનો ચા-કૉફી-ભજિયા સાથે ભેગા થયા. કચ્છી-ગુજરાતી સાહિત્ય જગતના લેખકો, કવિઓ, વાચકો અને કલાકારો વચ્ચે અનન્ય સંવાદ, મિત્રતા અને અનુભવોનું આદાનપ્રદાન થયું.
- ✧ **મુખ્ય કાર્યક્રમ** : ૫ થી ૯ વાગ્યા સુધી સતત રસપ્રદ, ગૌરવસભર અને ભાવનાત્મક કાર્યક્રમ ચાલ્યો. એવૉર્ડ વિતરણ, ભાષણો, સંભારણા, કાવ્યોના પાઠ, ગાન અને કલા-પ્રસ્તુતિઓ સાથે હોલ ઊર્જાસભર રહ્યો.
- ✧ **રાસ-ગરબા અને સાંસ્કૃતિક રંગ** : કાર્યક્રમનો અનોખો ભાગ એ રહ્યો કે લોકોએ વચ્ચે પોતાની પ્રિય કચ્છી-ગુજરાતી ધૂન પર રાસ-ગરબા કર્યા. ૪ કલાકનો કાર્યક્રમ હોવા છતાં એકેય ક્ષણે ઉદાસીનતા કે થાક નહોતો-લોકો અંત સુધી મંત્રમુગ્ધ રહ્યા.
- ✧ **ડિનર સાથે સમાપ્તિ** : રાત્રે ૯ વાગ્યા પછી ડિનર સાથે કાર્યક્રમનો સૌમ્ય અંત આવ્યો. સૌએ સંગઠન, સેવા, સમર્પણ અને કલા-સાહિત્ય પ્રત્યેની એકતા અનુભવી.

❁ પરંપરા, વારસો અને નવા સહયોગ

શ્રીમતી તારામતી વિશનજી ગાલા સાહિત્ય-કલા પુરસ્કાર સમિતિ : વર્ષ ૨૦૦૩ થી સતત ૨૨ વર્ષથી આ એવૉર્ડ કાર્યક્રમ જાળવી રાખવામાં આવ્યો છે - એ પણ કોઈ વિરામ વિના. આ વર્ષે વિશેષતા એ કે **પ્રથમ વાર કચ્છી વીસા ઓસવાલ સેવા સમાજ આ કાર્યક્રમના સહયોગી તરીકે જોડાયો,** જેને કારણે કાર્યક્રમની વ્યાપકતા અને ઉજવણી વધુ ઉચ્ચ સ્તરે પહોંચી.

સમાજના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત

શ્રી કચ્છી વિશા ઓસવાળ સેવા સમાજ

શ્રી ક.વિ.ઓ. દેરાવાસી જૈન મહાજનવાડી, ૩જે માળે, ૯૯-૧૦૧, કેશવજી નાયક રોડ, ચીંચબંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯.
022 23714674 / 0222 3773032 E-mail : ksevasamaj@gmail.com Website : www.kvoss.org

આયોજિત

માતુશ્રી લક્ષ્મીબેન હરશી નરશી ગાલા (ડુમરા)

International Industrial Springs

GALA SPRINGS

પ્રાયોજિત

ક.વિ.ઓ. સેવા સમાજની પર્સનાલિટી ડેવલપમેન્ટ કમિટી આયોજિત

સમાજની રાષ્ટ્રીય સ્તરની વક્તૃત્વ સ્પર્ધા

બિન્દાસ બોલ-૨૦૨૫ (વર્ષ ૩૯મું) *a tool for self development...*

શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ વક્તૃત્વ સ્પર્ધા બિન્દાસ બોલ-૨૦૨૫ની ફાઈનલ સ્પર્ધા

રવિવાર, તા. ૧૪-૧૨-૨૦૨૫ના રોજ માટુંગા બોર્ડિંગ ખાતે પરિપૂર્ણ થયેલ. વિવિધ સેન્ટરો પરથી પ્રથમ રાઉન્ડથી લઈને ફાઈનલ સુધી પહોંચનાર અને ફાઈનલ સ્પર્ધામાં વિજેતા થયેલ સ્પર્ધકોની નામાવલી ગ્રુપ પ્રમાણે નીચે મુજબ છે.

GROUP A

પ્રથમ

ધવલ ગુણવંતી રમેશ વીરા
(મેરાઉ-જબલપુર)
(સેન્ટર - M.P.C.G.)

દ્વિતિય

વિકી ઈંદિરા નેમજી છેડા
(રતાડિયા ગણેશ-મુલુંડ)
(સેન્ટર - K.V.O.S.S.)

તૃતિય

ધારણા જીગર શાહ
(ગુંદાલા-મલાડ)
(સેન્ટર - મલાડ)

શ્રોતાઓની પસંદ

શ્રધ્ધા શુભમ કેનીયા
(બારોઈ-સોલાપુર)
(સેન્ટર - સોલાપુર)

GROUP B

પ્રથમ અને શ્રોતાઓની પસંદ

નીવા ઈલા હિરેન રાંભીયા
(રામાણીયા-ડોંબીવલી)
(સેન્ટર-ડોંબીવલી)

દ્વિતિય

વિનીત ભાવના અનીલ દેઢિયા
(ભુજપુર-ખાર)
(સેન્ટર-સોનગઢ બોર્ડિંગ)

તૃતિય

નિયતી વીણા અભય નંદુ
(બાડા-ભાંડુપ)
(સેન્ટર - K.V.O.S.S.)

GROUP C

પ્રથમ

જિત ગીતા કેતન શાહ
(કોડાય-વલસાડ)
(સેન્ટર - સોનગઢ બોર્ડિંગ)

દ્વિતિય

સિધ્ધ જીજ્ઞા નિલય સાવલા
(મોટી રાયણ - નાલાસોપારા)
(સેન્ટર - સોનગઢ બોર્ડિંગ)

તૃતિય

જાનવી પલવી ગિરીશ મારૂ
(ચિયાસર-ઘાટકોપર)
(સેન્ટર - ઘાટકોપર)

શ્રોતાઓની પસંદ

પરા પૂજા હર્ષ મોતા
(દેવપુર-ઘાટકોપર)
(સેન્ટર-ઘાટકોપર)

GROUP D

પ્રથમ

કૃતાર્થ કૃતિ વિનીત સંગોઈ
(ટોડા-દહીસર)
(સેન્ટર - બોરીવલી)

દ્વિતિય

રેયાંશ વૈશાલી વિનોદ સંઘોઈ
(કપાયા-થાણા)
(સેન્ટર - થાણા)

તૃતિય

પહલ હેમલ હિરેન સાલીયા
(નાની ખાખર-મુલુંડ)
(સેન્ટર - મુલુંડ)

શ્રોતાઓની પસંદ

સાચી દિશા કેકીન સંગોઈ
(સાડાઉ-ડોંબીવલી)
(સેન્ટર - ડોંબીવલી)

''બિન્દાસ બોલ ૨૦૨૫'' (વર્ષ ૩૯મું)

શ્રી કચ્છી વીસા ઓસવાલ સેવા સમાજની વ્યક્તિત્વ વિકાસ સમિતિ દ્વારા આયોજિત ''માતુશ્રી લક્ષ્મીબેન હરશી નરશી ગાલા બિન્દાસ બોલ ૨૦૨૫'' (વર્ષ ૩૯મું) વક્તૃત્વ સ્પર્ધાના અંતિમ રાઉન્ડનું આયોજન રવિવાર, તા. ૧૪ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ તેજુલીલા ઑડિટોરિયમ શિશુવન સ્કૂલ કમ્પાઉન્ડ, કિંગ્સસર્કલ, મુંબઈ-૧૯ ખાતે કરવામાં આવ્યું. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વક્તૃત્વ દ્વારા આત્મવિશ્વાસ, વિચાર પ્રસ્તુતિ અને વ્યક્તિત્વ વિકાસને પ્રોત્સાહિત કરવાનો રહ્યો.

૧) પ્રાથમિક (લોકલ) રાઉન્ડ્સ - વિશાળ પ્રતિસાદ

આ વર્ષે સ્પર્ધાને અત્યંત ઉત્સાહજનક પ્રતિસાદ મળ્યો. પ્રાથમિક લોકલ રાઉન્ડ્સમાં ૫૫૦થી વધુ પ્રતિભાગીઓએ હાજર રહી પોતાની પ્રસ્તુતિ આપી.

આ રાઉન્ડ્સ માટે કેન્દ્ર વેસ્ટર્ન અને સેન્ટ્રલ સબર્બ્સમાં વિવિધ સ્થળોએ રાખવામાં આવ્યાં હતાં. ઉપરાંત, જે સ્પર્ધકો પહેલા રાઉન્ડમાં હાજર ન રહી શકે એ લોકો માટે વીડિયો મોકલી ભાગ લેવાની સુવિધા પણ રાખવામાં આવી, જેના કારણે સ્પર્ધાનો વ્યાપ અને ભાગીદારી નોંધપાત્ર રીતે વધ્યાં. મુંબઈના શ્રી હીરજી ભોજરાજ ઍન્ડ સન્સ (માટુંગા બોર્ડિંગ), શ્રી સોનગઢ રત્નાશ્રમ અને શ્રી ભાણબાઈ નેણશી કન્યા છાત્રાલયની કન્યાઓએ આત્મવિશ્વાસ અને ઉમળકાભેર આમાં ભાગ લીધો. મુંબઈ બહારના નાગપુર, વિદર્ભ, સોલાપુર, પુણે અને વિદિશા (મધ્ય પ્રદેશ)ના કારણે સ્પર્ધાની તીવ્રતા વધી. ૩ વર્ષથી ૭૫ વર્ષ સુધીના સ્પર્ધકોએ પૂરી લગન અને મહેનતથી આ સ્પર્ધામાં ભાગ લીધો અને દરેકનું પ્રદર્શન ખરેખર અદ્‌ભુત હતું.

૨) સેમિફાઈનલ રાઉન્ડ-કડક પસંદગી પ્રક્રિયા

પ્રાથમિક રાઉન્ડમાંથી **૧૧૦થી વધુ** પ્રતિભાગીઓને સેમિફાઈનલ માટે શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા. ત્યાર બાદ ગુણવત્તા, વિષયની સમજ, અવાજ-ઉચ્ચાર, સમય નિયંત્રણ અને રજૂઆતના માપદંડના આધારે ૨૬ પ્રતિભાગીઓને અંતિમ રાઉન્ડ માટે પસંદ કરવામાં આવ્યા.

૩) ચાર ગ્રુપ-વિવિધ વયગટ અને જીવંત વિષયો

અંતિમ તબક્કે સ્પર્ધાને ચાર ગ્રુપમાં વિભાજિત કરવામાં આવી હતી (વયગટ મુજબ). બધા ગ્રુપના વિષયો તાજેતરના, વર્તમાન અને રસપ્રદ/જીવંત રહ્યા, જેના કારણે પ્રેક્ષકોને વિચારપ્રેરક અને અસરકારક પ્રસ્તુતિઓ માણવા મળી.

૪) અંતિમ રાઉન્ડ-ચાર કલાકની પ્રભાવશાળી પ્રસ્તુતિઓ

અંતિમ રાઉન્ડ સવારે ૯.૦૦ વાગ્યે શરૂ થયો અને સતત ચાર કલાક સુધી ચાલ્યો એટલે કાર્યક્રમ અંદાજે ૧:૦૦ વાગ્યા સુધી પૂર્ણ થયો. (આયોજનની સૂચના મુજબ ઉપસ્થિતોને ૮.૩૦ સુધી હાજર રહેવા જણાવાયું હતું જેથી નોંધણી/વ્યવસ્થા સુચારુ રહી શકે.)

દરેક સ્પર્ધકે આત્મવિશ્વાસ સાથે મજબૂત મુદ્દા, યોગ્ય ભાષા અને પ્રભાવશાળી અભિવ્યક્તિ દ્વારા શ્રેષ્ઠ પ્રસ્તુતિ આપી. આ વખતે પહેલી વાર આ પ્રતિયોગિતામાં સવાલ-જવાબ રાઉન્ડ પણ ઉમેરવામાં આવ્યો હતો, જે માણવાની પ્રેક્ષકોને ખરેખર મજા આવી.

સમગ્ર કાર્યક્રમનાં સ્પોન્સર માતુશ્રી લક્ષ્મીબેન હરસી નરસી ગાલા પરિવારમાંથી માતુશ્રી તારામતી વિસનજી ગાલા, શ્રી કિરીટભાઈ ગાલા અને એમનાં ધર્મપત્ની શ્રીમતી રુમીબેન ગાલાએ કાર્યક્રમમાં હાજરી આપી, સૌ કાર્યકર્તાઓ તેમ જ સ્પર્ધકોને પીઠબળ આપ્યું હતું.

૫) નિર્ણાયકો- ''બેસ્ટ આઉટ ઑફ બેસ્ટ'' પસંદગીનું પડકારજનક કામ

આ અંતિમ રાઉન્ડ માટે નીચે મુજબના ત્રણ નિર્ણાયક હાજર રહ્યા :

❁ **CA સંજય ચંદનબેન વિસનજી છેડા (રતાડિયા ગણેશવાલા)**

❁ **ચંદ્રિકા ધીરેન છેડા (વાંકી)**

❁ **સોલિસિટર ધીરેન રંજનબેન હેમેન્દ્ર નંદુ (મુન્દ્રા)** (બેઉ જજના નિર્ણયના રેફરી)

ત્રણે નિર્ણાયકોએ નિષ્પક્ષ અને માપદંડ આધારિત મૂલ્યાંકન કર્યું. પ્રસ્તુતિઓનો સ્તર ઊંચો હોવાથી 'બેસ્ટ આઉટ ઑફ બેસ્ટ'' પસંદ કરવો નિર્ણાયકો માટે પણ ખરેખર પડકારજનક રહ્યો.

૬) આભાર અને પ્રોત્સાહન

આ સમગ્ર આયોજનમાં આયોજક સમિતિ, સ્વયંસેવકો, માતા-પિતા, માર્ગદર્શકો અને પ્રાયોજકોનો મહત્ત્વપૂર્ણ સહયોગ રહ્યો. સૌના સહકારથી કાર્યક્રમ શિસ્તબદ્ધ રીતે, સમયસર અને ઉત્તમ વ્યવસ્થાપન સાથે પૂર્ણ થયો. આવા મંચો દ્વારા સમાજના યુવા વર્ગમાં વક્તૃત્વ અને વ્યક્તિત્વ વિકાસને નવી દિશા મળી હતી.

કાર્યક્રમનો વીડિયો યુટ્યૂબ પર ક.વી.ઓ. સેવા સમાજની યુટ્યૂબ ચૅનલ પર ઉપલબ્ધ છે. સૌને આ સ્પર્ધકોના આત્મવિશ્વાસની એક ઝલક લેવા અને એને હૃદયપૂર્વક બિરદાવવા આ વીડિયોને જોવા, માણવા અને અન્યોને ફોરવર્ડ કરવા વિનંતી.

વ્યક્તિ વિકાસ સમિતિ

પરાગ હેમકુંવરબેન રામજી દેઢિયા (પત્રી) - કન્વીનર

રાજેશ નિર્મલાબેન હરીલાલ છેડા (પત્રી)	હેમંત સરલાબેન કાંતિલાલ સંગોઈ (સમાઘોઘા)
જીનલ હાર્દિક ગોગરી (કપાયા)	તરલા પિયુષ નાગડા (નરેડી)
મેહુલ ગુણવંતીબેન પ્રેમચંદ દેઢિયા (ભીંસરા)	સિમ્પલ મનીષ શાહ (ભોજાય)
ડૉ. અવની નિરવ ગંગર (મોટી ખાખર)	અરવિંદ મણીબેન રતનશી મામણિયા (મેરાઉ)
હસ્તી સમીર ગડા (મોટા રતાડિયા)	સ્મિતા રાજેશ ગાલા (પ્રાગપર)

ચંદન છબીલ છેડા (વડાલા)

શ્રી ક.વી.ઓ. સેવા સમાજ
અપડેટ
તા. ૧ ઑક્ટોબર, ૨૦૨૫ થી ૨૬ ડિસેમ્બર, ૨૦૨૫ (માનદ મંત્રીઓ)

✤ **રહેઠાણ લોન યોજના:**

આ સમિતિની તા. ૧૮ નવેમ્બરનાં રોજ મળેલ મિટિંગમાં ગામ દેશલપુર, માપર, બિદડા (૨), મોટી ખાખર એમ કુલ ૫ વ્યક્તિઓને પોતીકાં રહેઠાણ માટે રૂા. ૧૫,૫૦,૦૦૦/-ની લોન આપવામાં આવેલ.

✤ **સ્ત્રીઉત્કર્ષ યોજના :**

આ સમિતિની તા. ૧૯ નવેમ્બરના રોજ મળેલ મિટિંગમાં ગામ ભોરારાની એક મહિલાને ગૃહઉદ્યોગ વધારવા રૂા. ૭૫,૦૦૦/-ની લોન આપવામાં આવેલ.

✤ **બુક બૅન્ક કૉમ્પ્યુટર લોન :**

કૉમ્પ્યુટર દ્વારા ભણતર માટે ડુમરાના ૨ વિદ્યાર્થીને રૂા ૪૮,૦૦૦/-ની લોન આપવામાં આવેલ.

✤ **બુક બૅન્ક :**

દર મહિનાના બીજા રવિવારે સેવા સમાજ મુખ્ય કાર્યાલય ખાતે પુસ્તકોની આપ-લે માટે ખુલ્લો રાખવામાં આવે છે.

✤ **વૈદ્યકીય રાહત યોજના:**

તા. ૧૩ નવેમ્બર અને ૯ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ મળેલ સમિતિની મિટિંગમાં ગામ ગોધરા (૨), મોખા (૨), બિદડા (૨), મોટા લાયજા, બાડા, ડેપા, નાના ભાડિયા, શેરડી, કોડાય (૨), મેરાવા, રાયણ, ભુજપુર (૨), ભોજાય (૩) છસરા, તલવાણા, ગુંદાલા, નરેડી(૨), લાખાપુર, સાડાઉ, મોટા રતડિયા, ગામનાં કુલ ૨૮ જરૂરિયાતમંદ ભાઈ-બહેનોને વૈદ્યકીય ખર્ચ પેટે (મેડિક્લેમ ઉપરાંત) રૂા. ૭,૩૧,૨૦૦/-ની સહાય આપવામાં આવેલ.

✤ **શૈક્ષણિક લોન યોજના :**

તા. ૨૭ ઑક્ટોબર, ૧૫ અને ૨૯ નવેમ્બર અનો ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ મળેલ સમિતિની મિટિંગમાં **૨૫** વિદ્યાર્થીઓને રૂા.૩૦,૫૦,૦૦૦ની લોન ભારતમાં રહીને ઉચ્ચ અભ્યાસાર્થે અને વિદેશ માટે ઉચ્ચ અભ્યાસાર્થે જનાર **૩** વિદ્યાર્થીઓને રૂા.૬,૦૦,૦૦૦/-ની લોન આપવામાં આવેલ.

✤ **ગાલા સ્પ્રિંગ્સ કપ વૉલીબૉલ ટૂર્નામેન્ટ:**

આ વર્ષે ગામ ગ્રુપ ઈનડાયરેકટ ૨૩ નવેમ્બરના રોજ યોજાઈ. કુલ ૧૪ ટીમોએ ભાગ લીધેલ. જનરલ ડાયરેક્ટ ૭ ડિસેમ્બરના રોજ યોજાયેલ કુલ ૧૩ ટીમોએ ભાગ લીધેલી. ગામ ગ્રુપ ડાયરેક્ટ તા. ૧૪ ડિસેમ્બરના રોજ યોજાયેલ જેમાં કુલ ૧૨ ટીમોએ ભાગ લીધેલ. જનરલ ગ્રુપ ઈનડાયરેક્ટ તા. ૨૧ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ યોજાયેલ જેમાં કુલ ૧૨ ટીમોએ ભાગ લીધેલ. ટૂર્નામેન્ટ બાદ ઈનામ વિતરણ કરવામાં આવેલ. સંપૂર્ણ ટૂર્નામેન્ટનાં પ્રાયોજક શ્રીમતી તારામતી વિશનજી ગાલા (ડુમરા-થાણા)

✤ **નવનીત કપ કચ્છી ક્રિકેટ ટૂર્નામેન્ટ:**

આ વર્ષે આ ટૂર્નામેન્ટની ગામ ગ્રુપ (૪૦ ઓવર)માં ૩૧ ટીમોએ ભાગ લીધેલ. ૫ નવેમ્બરથી ૧૬ ડિસેમ્બર સુધીની મૅચો તેમ

જ સેમિફાઈનલ મૅચ આઝાદ મેદાન, દાદર માટુંગાના ગ્રાઉન્ડની પિચો પર રમાઈ. ફાઈનલમાં તા. ૨૬ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ ફાતીમા ગ્રાઉન્ડ ખાતે રમાઈ, જેમાં પુનડી (૧૦૫) સામે ભુજપુર સિનિયર (૧૧૭)ની ટીમ વિજયી રહેલ.

જનરલ ગ્રુપમાં ૩૮ ટીમોએ ભાગ લીધેલ. ૧ ડિસેમ્બરથી A/B/C/D એમ ચાર વિભાગોમાં આ મૅચો રમાય છે.

T-20 ટૂર્નામેન્ટ (ગામ) ગ્રુપમાં ૪૪ ટીમોએ ભાગ લીધેલ છે.

✤ **સાહિત્ય કલા પુરસ્કાર –**

પ્રાયોજક : શ્રીમતી તારામતી વિશનજી ગાલા

વર્ષ ૨૦૨૩થી શરૂ થયેલ આ પ્રવૃત્તિને સમાજ અને સર્જકો અને વિવેકશીલ વાચકો વચ્ચે પુલ બાંધવા માટે દાતા પરિવાર અને સમિતિએ આ પ્રવૃત્તિને આગળ વધારવાની જવાબદારી સેવા સમાજને સોંપી. વર્ષ ૨૦૨૫થી શ્રી ક.વી.ઓ. સેવા સમાજ ભાવિ સમયમાં વધુ નિષ્ઠા, પારદર્શિતા સાથે સાહિત્ય કલા અને યુવા પેઢીના સર્વાંગી વિકાસ માટે દૃઢ સંકલ્પ પુનરાવર્તિત કરે છે.

આ વર્ષે આ કાર્યક્રમ રવિવાર, તા. ૭ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ બી. એન. વૈદ્ય સભાગૃહ, દાદર (ઈ) ખાતે સુંદર રીતે પરિપૂર્ણ થયેલ.

✤ **બિન્દાસ બોલ (વકતૃત્વ સ્પર્ધા) :**

આ વર્ષે મુંબઈનાં કેન્દ્રો ઉપરાંત નાગપુર, વિદર્ભ, પુના, સોનગઢ બોર્ડિંગ દ્વારા યોજાયેલ પ્રથમ રાઉન્ડમાં કુલ ૫૫૫ સ્પર્ધકોએ ભાગ લીધેલ હતો. તેમાંથી ૧૧૦ સ્પર્ધકોએ સેમિ-ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો. એમાંથી ૨૬ બાળકોએ ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો.

ફાઈનલ તા. ૧૪ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ માટુંગા બોર્ડિંગના તેજુલીલા સભાગૃહમાં યોજાઈ હતી. સંપૂર્ણ સ્પર્ધાનાં પ્રાયોજક માતુશ્રી લક્ષ્મીબેન હરશી નરશી ગાલા (ડુમરા).

✤ શ્રી ક.વી.ઓ. સેવા સમમાજની વર્ષ ૨૦૨૪-૨૫ની વાર્ષિક સામાન્ય સભા તા. ૬ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ મહાજનવાડી, ૧લે માળે, ચિંચબંદર ખાતે મળી હતી.

અનુદાન - આભાર

તા. ૧ ઑક્ટોબર, ૨૦૨૫ થી તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી આવેલ અનુદાનની યાદી

રૂા.	૭૦,૦૦૦/-	હિરેન મણિલાલ ગડા (બિદડા) - શૈક્ષણિક ફંડ
રૂા.	૧૧,૧૧૧/-	વિશનજી કેશવજી છેડા તા.૨૯ ડિસેમ્બરના પુણ્યતિથી નિમિત્તે સંજય ચંદનબેન વિશનજી છેડા (રતાડિયા ગણેશવાલા)
રૂા.	૧૧,૦૦૦/-	શ્રી વસંત શિવજી કેનિયા (બારોઈ-ઘાટકોપર (ઈ)) - શૈક્ષણિક ફંડ
રૂા.	૧૧,૦૦૦/-	માતુશ્રી દેવકાબેન કલ્યાણજી વીરજી શાહ (નાંગલપુર - ગિરગામ) તા. ૫ જુનનાં જન્મદિન નિમિત્તે - વૈદ્યકીય સહાય
રૂા.	૨,૦૦૦/-	વિરલ હરખચંદ વીરા - બુક બૅન્ક

દાતાશ્રીઓનો આભાર.

મળેલ અનુદાન નિમિત્તે શ્રી ક.વી.ઓ. સેવા સમાજ દાતાશ્રીઓનો આભાર માને છે. સંસ્થાની સ્ત્રીઉત્કર્ષ યોજના, રહેઠાણ યોજના, વૈદ્યકીય સહાય, શૈક્ષણિક લોન, બુક બૅન્ક જેવી વિવિધ પ્રવૃત્તિઓ માટે મળેલ અનુદાનમાં આયકર કલમ 80-G બાદ મળે છે.

‘પગદંડી’ના લેખકો / વાચકોને નમ્ર વિનંતી

પ્રિય મિત્રો,

‘પગદંડી’ માટે તમારી રચના મોકલવા બદલ આભાર. લેખ પ્રક્રિયા સુગમ રહે અને ગેરસમજ ટળે તે માટે કૃપા કરીને નીચેની સૂચનાઓનું પાલન કરવા વિનંતી.

૧) લખાણ/ફોર્મેટ અંગે

❊ જો તમે કાગળ પર લખો તો કૃપા કરીને માત્ર એક જ બાજુ લખશો (બન્ને બાજુ નહીં).

❊ દરેક પાનાંની ચારેય બાજુ યોગ્ય માર્જિન રાખશો, જેથી વાંચન અને સંપાદન સરળ બને.

❊ દરેક પાનાં પર પેજ નંબર ‘‘1 of 3, 2 of 3, 3 of 3’’ જેવા ફોર્મેટમાં લખશો/છાપશો (કોઈ પાનું ખૂટે તો તરત ખબર પડે).

❊ હાથલિખિત લખાણ જો વાંચવામાં અસ્પષ્ટ લાગે, તો કૃપા કરીને ટાઈપ કરાવીને મોકલશો.

❊ **લેખની લંબાઈ** : કૃપા કરીને દરેક લેખ 2 થી 3 પાનાંની મર્યાદામાં રાખશો.

૨) લેખ મોકલવાની રીત

લેખ મોકલવા માટે નીચેના પૈકી કોઈ એક રીત પસંદ કરી શકો છોઃ

(A) Email દ્વારા

❊ લેખ આ ઈમેઈલ પર મોકલશોઃ pagdandi@kvoss.org

❊ જો તમે PDF મોકલો, તો સાથે Word Copy પણ જરૂર મોકલશો (સંપાદન માટે ઉપયોગી રહે છે).

❊ શક્ય હોય તો ઈમેઈલ વિષય (Subject) આમ રાખશોઃ “Pagdandi Article - (વિષય) - (તમારું નામ)’’

❊ ફાઈલનું નામ પણ સરળ અને સ્પષ્ટ રાખશો, જેમકેઃName_Topic_MonthYear.docx/.pdf

(B) WhatsApp દ્વારા

❊ લેખ/ફાઈલ WhatsApp પર મોકલવા માટે 9892815367 પર માત્ર મૅસેજ કરશો (કૉલ નહીં).

❊ શક્ય હોય તો ફાઈલ સાથે તમારું નામ + વિષય પણ લખશો.

(c) ઑફિસમાં ભૌતિક રીતે (Hard Copy)

❈ લેખ તમે ઓફિસમાં જાતે અથવા પોસ્ટમાં મોકલી શકો છો.

❈ ક.વી.ઓ. સેવા સમાજ, ત્રીજે માળે, જૈન મહાજન વાડી, ૯૯-૧૦૧, કેશવજી નાઈક રોડ, ચીચબંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯.

૩) રચનાની મૂળભૂતતા અને જવાબદારી (Originality & Ethics)

❈ લેખ તમારી પોતાની મૌલિક રચના હોવી જોઈએ. કૃપા કરીને નકલ/કૉપી-પેસ્ટથી દૂર રહેશો-લખાણ સંપૂર્ણપણે તમારું રહે એ અમારી નમ્ર વિનંતી

❈ કૃપા કરીને અગાઉ ક્યાંય પ્રકાશિત થયેલી રચના ન મોકલશો. (પ્રિન્ટ/વેબસાઈટ/બ્લોગ/સોશિયલ મીડિયા વગેરે).

❈ જો તમે કોઈનું કોટેશન/અવતરણ/ફોટો/ચાર્ટ વાપરો, તો શક્ય હોય ત્યાં સુધી સ્રોત સ્પષ્ટ લખશો અને જરૂરી હોય તો પરવાનગી/સંદર્ભ આપશો.

૪) તથ્યો, આંકડા અને સ્રોત (Facts & Date)

❈ જો તમે કોઈ આંકડા/તથ્યો/ફિગરનો ઉલ્લેખ કરો, તો તેની સાથે શક્ય હોય ત્યાં સુધી આધાર/સ્રોત (રિપોર્ટ/ડેટા/રેફરન્સ/લિંક) આપશો, જેથી લેખ વધુ વિશ્વસનીય બને.

❈ કોઈ વાત ''સામાન્ય'' લાગે તોપણ, જ્યાં શક્ય હોય ત્યાં ચોક્કસતા (તારીખ/સ્થળ/પરિસ્થિતિ) ઉમેરશો તો લેખ વધુ મજબૂત બને છે.

૫) લેખની સામગ્રી અંગે નમ્ર અપેક્ષા (Quality Guidance)

❈ લેખ લખતી વખતે કૃપા કરીને વિષયનાં બધાં પાસાં આવરી લેવા પ્રયત્ન કરશો. માત્ર સારી વાતો નહીં, સકારાત્મક અને નકારાત્મક (Good & Bad) બન્ને બાજુ સંતુલિત રીતે રજૂ કરશો.

❈ વાચકો માટે ઉપયોગી રહે એ માટે લેખમાં હાલની સમસ્યાઓ અને જો લાગતું હોય તો ભવિષ્યમાં દેખાઈ શકે તેવી સમસ્યાઓ/ચુનૌતીઓ અંગે પણ લખશો.

❈ જ્યાં શક્ય હોય ત્યાં ઉકેલ/સૂચનો/વૈકલ્પિક દૃષ્ટિકોણ ઉમેરશો તો લેખ વધુ અર્થપૂર્ણ બને છે.

❈ ભાષા સન્માનજનક અને નિષ્પક્ષ રહે તે અમારી વિનંતી છે.

૬) સંપાદકીય પ્રક્રિયા અંગે

❈ લેખ મળ્યો હોવાનું અમે શક્ય હોય ત્યાં સુધી પહોંચ/પ્રાપ્તિની પુષ્ટિ કરીશું.

❈ પ્રકાશન માટે લેખ પસંદગી સંપાદકીય સમિતિના વિચાર પર આધારિત હોય છે. ક્યા અંકમાં શું આવશે તે વિવિધ કારણોસર બદલાઈ શકે છે.

❈ સંપાદકોને લેખ સ્વીકારવા/ન સ્વીકારવાનો અધિકાર રહે છે; કેટલીક વાર કારણ આપવું શક્ય ન પણ બને તેની કૃપા કરીને સમજ રાખશો.

❈ જરૂરી લાગે તો ભાષા/લંબાઈ/રચના સ્પષ્ટ કરવા માટે નાના સંપાદકીય ફેરફારો કરવામાં આવી શકે છે.

❈ કૃપા કરીને લેખ પ્રિન્ટરને સીધો મોકલશો નહીં; પ્રક્રિયા સંપાદકીય ટીમ દ્વારા કરવામાં આવે છે.

૭) ધીરજ અને ફોલો-અપ અંગે નમ્ર વિનંતી.

❈ એકવાર લેખની પહોંચ પુષ્ટિ થઈ જાય પછી, કૃપા કરીને વારંવાર follow-up ઈમેઈલ/કૉલ/મૅસેજ ટાળશો. સંપાદકીય પ્રક્રિયામાં સમય લાગી શકે છે - તમારી ધીરજ બદલ આભાર.

❈ કૃપા કરીને સંપાદકોને લેખ જરૂર પ્રકાશિત કરવા માટે આગ્રહ ન કરશો. લેખની પસંદગી સંપૂર્ણપણે સંપાદકીય નિર્ણય પર આધારિત રહે છે.

૮) લેખકની વિગતો અને ફોટો

❈ લેખ સાથે કૃપા કરીને નીચેની વિગતો લખશો.

❈ તમારું આખું નામ, ગામ/શહેર, Whatsapp નંબર અને Email ID

❈ 'પગદંડી'ના કેટલાક લેખકો પોતાની ઓળખ માટે માતાના નામ સાથે સંપૂર્ણ નામ લખતા હોય છે - જો આપ ઈચ્છો તો આપ પણ આ પદ્ધતિ અપનાવી શકો છો.

❈ 'પગદંડી' લેખ સાથે લેખકનો ફોટો પણ છાપે છે, તેથી નવા લેખકો કૃપા કરીને પાસપોર્ટ સાઈઝ / ID CARD પ્રકારનો ફોટો સારા રિસોલ્યુશનમાં મોકલશો.

૯) વાચકો માટે (Feedback/Reviews)

❈ 'પગદંડી' વિષે તમારા વિચારો અમને મહત્ત્વના છે.

❈ કૃપા કરીને તમારા અભિપ્રાય/રિવ્યૂ/શું ગમ્યું-શું ન ગમ્યું/સુધારા સૂચનો આ ઈમેઈલ પર મોકલો. **pagdandi@kvoss.org**

❈ ફોન કૉલ નહીં; કૃપા કરીને માત્ર Whatsapp પર મેસેજ કરો : 9892815367

❈ એડ્રેસ બદલવાની વિનંતી સમયે આપનો લવાજમ ક્રમાંક, પૂરું નામ, જૂનું એડ્રેસ અને નવું એડ્રેસ લખવા. આની સાથે આપનો મોબાઈલ નંબર / ઈ-મૅઈલ હશે તો અમને આપનો સંપર્ક કરવામાં સરળતા રહેશે.

network techlab
Adding Values to Work

SOLAR POWER

Clean Energy for a Pure World

Our Services

- Detailed Engineering Design
- Installation
- Operation & Maintenance Services

Benefits

- Minimum 25 Years of lifetime
- Low Maintenance
- Investment recovery within 2-3 years

Our Green Energy Solution Portfolio Includes :



On-grid Solar System



Off-grid Solar System

Hybrid Solar System

Solar Street Lights

Solar Inverter & Battery

Solar Panels

info@netlabindia.com | +91 88790 04536

Head- Office: - 41, Sarvodaya Ind. Est., Off. Mahakali Caves Road, Andheri (E.), Mumbai, 400093
Main Branch: - Plot no. A-142, Rd Number 23, Wagle Industrial Estate, Thane (W.), Thane, 400604
Mumbai | Navi Mumbai | Ahmedabad | Vadodara | Vapi | Pune | Bangalore | Chennai | Goa | Delhi | Kolkata

PAGDANDI (Monthly) JANUARY 2026 RNI-14593/1957
Posted at Patrika Channel Sorting Office, Mumbai - 400 001

શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

શ્રી ક.વિ.ઓ.સેવા સમાજ 75 સમાજ ઉત્કર્ષના સાતત્યભર્યા ૭૫ વર્ષ સંપ, સંગઠન, સમર્પણ

સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ